# વિભાગ 3

શું વાંચશો – શું નિહાળશો ?

## પૂજ્યશ્રીસંબંધિત ૧૧ પરિશિષ્ટો



# જ્યોતિષની જ્યોતમાં... પૂજ્યશ્રીનું જીવનદર્શન

- જ્યોતિષાચાર્ય શ્રી જીવાનંદ ઝા

પૂજ્યશ્રીની જન્મકુંડલીના આધારે પ્રસિદ્ધ જ્યોતિર્વિદ્ પંડિતજી શ્રી જીવાનંદ ઝાએ પૂજ્યશ્રીનું જે જીવનદર્શન કર્યું છે. તે તેમના જ શબ્દોમાં અત્ર પ્રસ્તુત છે. જ્યોતિષના જાણકાર-રસિક વર્ગ માટે જ્યોતિષદષ્ટિનું પૂજ્યશ્રીનું જીવન રસપ્રદ બની રહેશે. -સંપાદક

### પૂજ્યશ્રીની જન્મવિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| જન્મ તારીખ | : ૦૬-૩-૧૯૩૨ | જન્મ સમય | : રાત્રે ૧૦.૨૬ ક. | | |
| જન્મ સ્થળ | : ડભોઈ (જિ. વડોદરા) | સંવત | : ૧૯૮૮ | | |
| તિથિ | : મહા વદિ - ૧૪ | વાર | : રવિવાર | યોગ | : સિદ્ધ |
| કરણ | : નાગ | રાશિ | : કુંભ | નક્ષત્ર | : શતભિષા (ચતુર્થ ચરણ) |

## जन्माङ्गम्




## राश्यङ्गम्




गुरुभ्यो नमः। प.पू.आ.भ. श्रीमद् विजयसूर्योदयसूरीश्वरजी महाराज साहेब की कुण्डली में लग्न तुला है तथा लग्नेश शुक्र है। लग्नेश सातवें भाव में बैठ कर लग्न को पूर्ण दृष्टि से देख रहा है, यह एक उत्तम योग है। चतुर्थ भाव में स्वगृही के होकर बैठे हुअे शनि की दृष्टि छठ्ठे भाव में पड़ रही है जहाँ बुध तथा राहु बैठा है। सातवी दृष्टि से वह दशम भाव में गुरु को देख रहा है। गुरु की पूर्ण दृष्टि शनि के उपर पड़ रही है। शनि की दशमी दृष्टि लग्न में पड़ रही है जहाँ शनि उच्च दृष्टि से देख रहा है। ग्रहों का ऐसा योग महापुरुषो के कुण्डली में ही देखने को मिलता है। आचार्यश्री निश्चित रूप से एक महापुरुष थे, जिनसे जनताका बेहद लगाव था। ऐसे युगपुरुष बहुत कम ही दुनियाँ में आते है तथा अपना नाम यश कमाकर दुनियाँ से चले जाते है। वे अपने जीवन को उँचाई के शिखर तक पहुँचा कर इस लोक से परम लोक की ओर प्रस्थान कर गये। गुरु की पंचम दृष्टिद्वितीय भाव में तथा नवम दृष्टि षष्ठ भाव में बुध तथा राहु के उपर पड़ रही है। गुरु की ये दृष्टि यह साबित करती है कि आचार्यश्री अपने जीवन में धर्म–कर्म में ही लगाव रखते थे। उनका प्यार सभी के लिए बराबर था फिर भी उन्होंने अपना जीवन ईश्वर आराधना में लगा दिया है। एक महापुरुष की तरह अपने जीवन को साधना में–आराधना में लगाकर जीवन को कृतार्थ कर लिया, यही साधना उनके जीवन की अमूल्य धरोहर बन गई है। जिसने उन्हे मुक्ति के मार्ग पर पहुँचा दिया है। व्यय भाव में केतु की युति और दशम घर में गुरु की युति भी यहीं साबित करती है।

पूज्य महाराज साहेब की कुण्डली में पाँचवे घर में सूर्य–चन्द्र–मंगल बैठा है, त्रिकोण में ये तीनों ग्रह की युति उनके जीवन के एक और सत्य को उजागर करता है कि उनका शिष्यपरिवार अपने गुरु म. सा. की यशस्वी धर्म परंपराको उँचे शिखर पर ले जायेगा। उनका शिष्यपरिवार उनके आशीर्वाद से जीवन में आगे बढ़ता चला जायेगा। दूसरा सत्य यह है कि उनका मान सम्मान दिनों दिन बढ़ता चला जायेगा, जीवनमुक्त होने के बाद भी उनके नाम–यश में कोई कमी नहि आयेगी, अपि तु वह मान–सम्मान दिनों दिन और बढ़ेगा, भक्तो का प्रेम उन्हे और भी अधिक मिलेगा। सभी श्रावक उन्हे याद करके उन्हे अपना प्यार देंगे। जन्म कुण्डली में छठ्ठे भाव में बुध तथा राहु एवं हर्षल बैठा है, यह ग्रह यह संकेत देते है कि पूज्य महाराज साहेब का कोई शत्रु नहि था, वह शत्रु को भी अपना मित्र बना चूके थे । शरीर से वह सदा निरोगी रहे है । रोग और शत्रु का उन्हे कभी भी जरा भी भय नहि रहा है । 'वसुधैव कुटुम्बकम्' इस प्रकार के भावसे वे ओतप्रोत थे । श्रीमान महाराज साहेब जैसे लोग धरती पर बहुत कम ही देखने को मिलते है । इस जन्मकुण्डली में लाभ भाव में नेप्च्युन बैठा है यह ग्रह अपना संकेत दे रहा है कि पू. आचार्य महाराज साहेब आत्मसंतोषी व्यक्ति थे । नेप्चुन की सातवी दृष्टि पंचम भाव में पड़ रही है । यह ग्रह का उन्नतशील स्वभाव का परिचायक है कि महाराज श्री के शिष्यपरिवार को भी कभी कोई कमी डिगा नहि सकेगी। वे सदा ही आगे बढ़ते जायेंगे । नाम–यश–साधना–आराधना उनके कदम चूमेंगे । शिष्यपरिवार में भी शिष्यों की वृद्धि होगी । महाराज साहेब के मनमें किसी प्रकार की कोई इच्छा रही ही नहि। वे एक सच्चे धर्मगुरु थे । पू. आचार्य महाराज साहेब की कुण्डली में सबसे बलवान ग्रह शनि है और शनि का बलवान होना उनके जीवन में सफलता की निशानी है । जिस कुण्डली में शनि बलवान होगा वह एक सच्चा साधु बनकर इस दुनियाँ में नाम–यश कमायेगा तथा प्रतिष्ठा प्राप्त करेगा । जिन संतो के शनि बलवान होते है उनकी साधनाआराधना सफल रहती है । उसमें भी जब मैंने यह कुण्डली देखी तो मैं खुश हो गया कि इस कुण्डली के ग्रह का बैठना तथा शनि का बलवान होना यह साबित करता है कि ये कुण्डली किसी साधारण साधु की नहि है, यह तो एक युगपुरुष की कुण्डली है । पू. आचार्य महाराज साहेब का तुला लग्न है, तुला लग्न न्यायप्रिय लोगों की कुण्डली में मिलते है । तुला लग्न वृष लग्नकी अपेक्षा अधिक बलवान इश्वरीय गुण से सम्पन्न तथा नाम–यश की अधिकता से ओतप्रोत रहता है। इस लिए साहेबजीने जिस छोटे–बड़े काम में हाथ डाला होगा वह कार्य अवश्य ही पूर्ण हुआ होगा । असफलता तो साहेबने अपने जिन्दगी में देखी ही नहि होगी, कारण लग्नेश शुक्र की लग्न पर सातवी पूर्ण दृष्टि है जो एक महान उपलब्धि है । विद्यायोग श्रेष्ठ है, कुण्डली में यह योग बहुत अच्छा है । बुद्धि विवेक बहुत उँचा रहा है । उनकी बुद्धि अनेक शास्त्रों में पारंगत होगी । वह परम विद्वान के रूप में जाने माने होंगे । प्रवचन देने में महानता हांसिल है ऐसा ग्रह का संकेत है । क्रोध–ईर्ष्या–द्वेष इनके मन में रहा ही नहि होगा । पू. आचार्य महाराज अपने अनुयायियों पर सदा ही प्रेम की वर्षा करते रहते होंगें। सभी से प्रेम करना इनके स्वभाव में शामिल रहा है । अपने पद का दुरुपयोग इनसे कभी नहि होता होगा । यह आत्मा महान ज्ञानी का पद प्राप्त कर इनको निभानेमें दक्ष थे । तुला लग्न का जातक लम्बी आयु नहि भोग पाता है । परन्तु पू. आचार्य महाराज साहेब इसमें अपवाद थे । उनका आयु लम्बा था। उनके जीवन में कई, महान कार्य करने का योग है । महाराज साहेब के भक्तगण भी अपने जीवन में आगे बढ़तें रहेंगे। एवं महाराज साहेब को सदा याद करते रहेंगे । धार्मिक ग्रंथो का पूज्य आचार्य महाराज साहेबजी ने गहन अध्ययन किया होगा । उनके प्रवचन में यह गहन अध्ययन की झलकियाँ अवश्य ही दिखा रही होगी। दिखावटी कार्य वह कभी भी कदापि नहि करते होंगे । जो कार्य करते होंगे, वह सब सत्य पर आधारित कार्य ही करते होंगे । दिखावटी स्वभाव नहि होने से वो जो करेंगे या करते होंगे वह मन से करते होंगे । जो भी बडे बडे कार्य उनके जीवन में हुआ, उस सभी कार्य में वो मन को लगा कर सोचते होंगे । फिर कोई कार्य में हाथ डालते होंगे । पू. साहेबजी अपने विचार के अनुरूप चलनेवाले सबको सन्मार्ग दिखानेवाले व्यक्ति रहे है । संयमजीवन इन्हें प्रिय रहा है । तुला लग्न का स्वामी शुक्राचार्य है । पू.साहेबजी का जीवन भी शुक्राचार्य की तरह महान आदर्शवादी रहा है । दूसरों की अपेक्षा पू. साहेबजी महान आदर्शवादी व्यक्ति रहे है । सुनने के लिए तो ये सभी की बात सुनेंगे, परन्तु करेंगे वही जो उनका मन कहेगा । किसी के बहकावे पर वह कभी नहि आयेंगे । धार्मिक स्वभाव होने के कारण पापकर्मो से उन्हे नफरत रहती होगी । साहेबजी स्वभाव के न्यायप्रिय, सत्यवक्ता, सन्मार्ग पर चलनेवाले, सब को आशिष देनेवाले, ज्ञानोपदेश से सबको खुश रखनेवाले, चारित्रवंत महानुभाव है ।

समाजसेवा आचार्यश्री के जीवन का एक मंत्र बन गया होगा । जिससे उन्होने अपने जीवन को समाज के कार्य में लगा दिया। संतोषी स्वभाव होने से लोभ–लालच इनके स्वभाव में है ही नहि । उदार दृष्टिबिंदु होने के कारण वो सबको एक समान दृष्टि से देखेंगे । ये उनका विशेष गुण होगा । यदि किसी को कोई वचन दिया तो उसको पूरा करने में अपना तन–मन–धन– सब लगा देंगे । आचार्यश्री का स्वभाव भावुक तथा सहानुभूतिपूर्ण होगा । आचार्यश्री तत्त्वज्ञानी होंगे । महानुभावके दशम घर में उच्च का गुरु इन्हे जिज्ञासुप्रकृति का देव (बृहस्पति) तुल्य बना दिया । एक तरफ तो शुक्राचार्य का गुण इनमें कूट कूट कर भरा है । तो दूसरे तरफ देवाचार्य बृहस्पति का गुण इनमें भरा हुआ है। मौत भी इन्हे मार नहि सकती है। इस लिए मृत्यु के बाद भी वे लोगो के दिलों में जीवित रहेंगे। यही उनकी अमर गाथा है ।

।। शुभं भूयात् ।।

પરિશિષ્ટ ૨ PARISHISHTA

# અક્ષરની આરસીમાં પૂજ્યશ્રીનાં પ્રતિબિંબ

અહીં પૂજ્યશ્રીના હસતાં અક્ષર સમા હસ્તાક્ષર પ્રસ્તુત છે. તે પૈકી પ્રથમ વિસ્તૃત લેખ 'યુગદિવાકર' મહાગ્રન્થ પ્રારંભે લખાયેલ છે. એમાં પૂજ્યશ્રીના હસ્તાક્ષરોનાં દર્શન ઉપરાંત પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યેના તેઓશ્રીના ઉત્કટ અહોભાવનાં પણ દર્શન થાય છે. બીજા નાનકડા પત્રમાં પૂજ્યશ્રીનો મારા પ્રત્યેનો વાત્સલ્યભાવ પ્રગટ થાય છે. એની સાથે બીજા દિવસે મારા દ્વારા પૂજ્યશ્રીને લખાયેલ પત્ર પણ ભક્તિની અભિવ્યક્તિરૂપે છે. -સંપાદક



દર્ભાવતીતીર્થમણ્ડન શ્રી લોઢણપાર્શ્વનાથાય નમઃ

અંતર-અભિલાષા

સમર્થ શ્રુતધર સરસ્વતીનરાવતાર ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાયમાં યથાર્થ લખ્યું છે કે:-

"સમકિત દાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડી કરી, કરતાં સર્વ ઉપાય----"

સમર્પિત શિષ્યો તારક ગુરુભગવંતોની ભક્તિ અંગે ગમે તેટલી મહાન પ્રવૃત્તિ કરે તો પણ તેના દ્વારા પ્રત્યુપકાર-ઋણમુક્તિ કદી ન થઈ શકે. વસ્તુતઃ વિચાર કરીએ તો પ્રત્યુપકાર માટે ગુરુભક્તિ કરવાની નથી, પણ ગુરુકૃપા પ્રાપ્ત કરવા માટે ગુરુભક્તિ કરવાની છે. એ ગુરુભક્તિની પરાકાષ્ઠા જેવી ક્ષણો અમારે જીવનમાં ઉપસ્થિત થાય ત્યારે અંતર આપોઆપ સૂર પુરાવે કે આ ક્ષણો ધન્ય જ નહિ, પણ ધન્યાતિધન્ય છે.

અમને લાગે છે કે આજે આ ગ્રન્થરત્નનાં પ્રકાશનનાં માધ્યમે અમારા માટે જીવનની એ ધન્યાતિધન્ય-સર્વોત્કૃષ્ટ ક્ષણો આવી મળી છે. કારણ કે આ ગ્રન્થમાં એક એવા મહાન ગુરુભગવંતનું સંપૂર્ણ જીવનચરિત્ર ગુંફિત છે કે જેઓ.....

- જિનશાસનના ઝળહળતા જવાહીર અને આગમગગનના જ્યોતિર્ધર હતા....
- 'યુગદિવાકર' બનીને યુગોના યુગો સુધીના શાસનના સુવર્ણ ઇતિહાસનું સર્જન કરનાર હતા...
- શતાધિક જિનાલયો-ઉપાશ્રયાદિના અમોઘ ઉપદેશક અને પ્રેરક-પ્રણેતા હતા...
- પ્રૌઢ પુણ્યપ્રભાવ અને વિશિષ્ટ વચનસિદ્ધિના પ્રભાવે શકવર્તી શાસનપ્રભાવનાઓની શૃંખલાઓ સર્જનાર હતા...

# અક્ષરની આરસીમાં પૂજ્યશ્રીનાં પ્રતિબિંબ

- દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા અને અનેક પ્રૌઢ ગ્રન્થોના સર્જક-સંશોધક-વિવેચક હતા...
- અનેક યુગદર્શન કાર્યો દ્વારા જિન શાસનની જયનાદ દિગંતવ્યાપી બનાવનાર હતા...
- જ્ઞાન-ક્રિયાના સમાન આરાધક અને પ્રાચીનતા તથા અર્વાચીનતાની સુવર્ણ સાંકળ હતા.

એ મહાન ગુરુભગવંત એટલે પૂજ્યપાદ પરમકૃપાળુ પરમોપકારી યુગદિવાકર આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ. જેમ જૈન શાસન માટે એમનું વ્યક્તિત્વ વરદાનરૂપ હતું. એમ અંગત રીતે અમારા માટે એમનું અસ્તિત્વ આશીર્વાદ રૂપ હતું. કારણ કે:-

- તેઓએ જ અમારા જીવનને પારસમણિ સમો સ્પર્શ આપીને એને સુવર્ણમય બનાવ્યું છે...
- તેઓએ જ ભીષણ ભવસાગરમાંથી અમારો ઉદ્ધાર કરીને આ કક્ષા હાંસલ કરાવી છે...
- તેઓએ જ અમને દીક્ષા અને શિક્ષાનું સમ્યગ્ દાન કર્યું છે...
- તેઓએ જ આડત્રીસ વર્ષો પર્યંત સાથે ને સાથે જ રાખીને અમારા જીવનને વધુને વધુ શાસનના આરાધના-પ્રભાવનામય બનાવ્યું છે.
- તેઓએ જ અદ્યાવધિ પરોક્ષભાવે કૃપાદૃષ્ટિ કરતાં રહીને અમને શાસનની યત્કિંચિત્ સેવા કરવાનું સામર્થ્ય બક્ષ્યું છે.

એ પરમારાધ્યપાદ ગુરુભગવંતનો અમારા પરનો ઉપકાર તો ભવકોટિએ પણ વાળી કે વીસરી શકાય એમ નથી. એમના એ અનુપમ ઉપકારોને લક્ષ્યમાં રાખીને એમની ભક્તિ નિમિત્તે વર્ષોથી એ સ્વપ્ન સેવ્યું હતું કે તેઓશ્રીમદ્‌ના જીવન ઉપર પરિપૂર્ણ પ્રકાશ પાથરતું અને 'અથ' થી 'ઇતિ' સુધીના તમામ બાબતોને આવરી લેતું જીવનચરિત્ર તૈયાર કરવું. વર્ષો પૂર્વે અમે શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ દ્વારા લખાયેલ પૂજ્યશ્રીનું આઠ-દશ પેજનું નાનકડું જીવનચરિત્ર થોડું સંવર્ધિત કરીને પ્રકાશિત કરાવેલ. પરંતુ તે માત્ર પ્રાથમિક કક્ષાનું હતું અને તે પછીના સમયખંડમાં તેઓશ્રીના જીવનમાં અનેકાનેક ઐતિહાસિક ઘટનાઓ સર્જાઈ હતી. આથી એક પરિપૂર્ણ જીવનચરિત્રનું સ્વપ્ન તેઓશ્રીમદ્‌ના કાળધર્મ બાદ અહોનિશ સતત રમ્યા કરતું હતું. પરંતુ કેટલીક વિવશતાઓ વશ એ સ્વપ્ન સાકાર ન થઈ શક્યું અને વર્ષોના વહાણાં વહી ગયા.

# અક્ષરની આરસીમાં પૂજ્યશ્રીનાં પ્રતિબિંબ

અંતે આ કાર્ય માટે અમારી નજર અમારા સુવિનીત શિષ્ય આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી ઉપર ઠરી. તેઓ એક અચ્છા સાહિત્યસર્જક હોવા સાથે અપૂર્વ ધૈર્યપૂર્વક ખોજવૃત્તિ ધરાવીને દરેક નાની મોટી ઘટનાઓના તાણા-વાણા ગૂંથવાની સજ્જતા ધરાવે છે. ઉપરાંત પૂજ્ય યુગદિવાકરશ્રીના જ શુભહસ્તે દીક્ષિત થઈને સતત સવા ત્રણ વર્ષ સુધી પૂજ્યશ્રીનું અપૂર્વ વાત્સલ્ય - અદ્ભુત કૃપા પામ્યા હોવાથી પૂજ્યશ્રી પ્રત્યે ઉછળતી ભક્તિ પણ ધરાવે છે. તેથી આ મહાન કાર્ય અમે તેઓને સુપરત કર્યું. અમારા સતત સંપૂર્ણ માર્ગદર્શન મુજબ તેઓએ સવાયા સંતોષજનક શૈલીએ <u>પૂજ્યશ્રીનો આ સર્વપ્રથમ જીવનચરિત્ર ગ્રન્થ</u> તૈયાર કર્યો છે. તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે. તેઓ ગુરુભક્તિનાં ક્ષેત્રે તથા જીવનનાં સર્વક્ષેત્રે સુંદર વિકાસ સાધી લેવાં અમારાં અંતરના આશીર્વાદ છે

આ ગ્રન્થરત્નનાં પ્રકાશન પ્રસંગે સર્વાધિક આનન્દ આજે અમે અનુ-ભવી રહ્યા છીએ. પૂજ્ય યુગદિવાકરશ્રીના જન્મશતાબ્દીના પુણ્યનિમિત્તે અમે શરૂ કરેલ 'યુગદિવાકર જન્મશતાબ્દી ગ્રન્થમાળા'ના માત્ર સવા વર્ષમાં ચૌદ ચૌદ ગ્રન્થો પ્રકાશિત થયા બાદ શિખર ઉપર કલશારોપણની જેમ આ પંદરમા ગ્રન્થનું પ્રકાશન થઈ રહ્યું છે. ત્યારે એમાં કારણે વર્ષોથી પૂજ્ય-પાદ યુગદિવાકર ગુરુદેવશ્રીનું જે ઉત્તરદાયિત્વ અદા કરવાનું અમારા માટે બાકી હતું. તે આજે સફળતાપૂર્વક અદા થઈ રહ્યું છે.

આ ગ્રન્થનાં માધ્યમે પૂજ્યશ્રીનાં જીવન સાથે સંકળાયેલ શાસનની અનેકાનેક ઐતિહાસિક વિરલ ઘટનાઓનું વાચકોને દર્શન થશે, તો અનેક ઉચ્ચ ગુણોની પ્રાપ્તિ કરાવે તેવા પ્રેરણાઓની પીયૂષધારાનાં ય દર્શન થશે. સહુ વાચકો એ પ્રેરણાનાં પીયૂષપાન કરીને પરમપંથે પ્રગતિ કરે એ જ અંતર-અભિલાષા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભાવન
જિનાલય તીર્થ - ભાયન્દર(પ.)
પોષ સુદિ ૧૪, સોમવાર,
મહાવીર સં. ૨૫૩૧, વિ.સં. ૨૦૬૧
તા. ૨૪-૧-૨૦૦૫

વિજય સૂર્યોદયસૂરિ

## અક્ષરની આરસીમાં પૂજ્યશ્રીનાં પ્રતિબિંબ

### પૂજ્યશ્રીનો નાનકડો કૃપાપત્ર

ધારણાનગર પાટણ
૧૦-૭

વિનયાદિગુણાલંકૃત રાજરત્ન૦ ધર્મરત્ન૦ હિતરત્ન૦ શાતામાં હશો. પ્રથમ વિહાર તીર્થરત્ન સમેતશિખર મજેથી ગયા હશો.

જીવનમાં ભાગ્યે જ પ્રથમ વાર આવો અનુભવવાનો પ્રસંગ આવ્યો હતો. સાચે વાતાવરણ અને સુનકાર રહ્યું માટે.... સતત પ્રવૃત્તિશીલ રાજરત્ન મ.ની પ્રવૃત્તિ શાન્ત થઈ ગઈ ભાસે છે: અસ્તુ.

ગુ. ...

### પૂજ્યશ્રીનાં કૃપાપત્રનો પ્રત્યુત્તર

ૐ

પોષ સુદિ-૬, સોમવાર
વલ્લભીપુર.

પૂજ્યપાદ પરમતારક પરમશ્રદ્ધેય અનંતોપકારી ગુરુભગવંતશ્રીના પુનિત ચરણોમાં આપના શિષ્યાણુની અનંતશઃ વન્દનાવલિ...

-આપશ્રી સપરિવાર સુખશાતામાં બિરાજમાન હશો. આજે સવારે ગિરિરાજની પુનઃ એક વાર યાત્રા સૌ સાથે મળીને કરી આવ્યાના સમાચાર હમણાં દીપેશ દ્વારા ફોનથી જાણ્યા. આપ ત્યારે આરામમાં હતા.

-આપની પરમકૃપા-આશીર્વાદથી અમે ઉગ્ર વિહારો પણ નિર્વિઘ્ન કરી રહ્યા છીએ. આજે સવારે ૨૩ કિ.મી.નો વિહાર કરી વલ્લભીપુર આવ્યા. સાંજે ૭ કિ.મી. વિહાર કરી અયોધ્યાપુરમ્ પહોંચીશું. કાલે સવારે પાળવી+સાંજે બરવાળા, બુધવારે સવારે તગડી+સાંજે ધંધુકા : આ રીતે ક્રમશ: આગળ વધીશું.

-ગઈ કાલે પાલિતાણામાં આપની પાસેથી વિદાય લીધી ત્યારે આપે જે વાત્સલ્યસભર-લાગણીઓના શબ્દો ઉચ્ચાર્યા અને બપોરે ૧.૦૦ ક. પત્ર લખીને જે ભાવો દર્શાવ્યા એને હું આપની મારા પર સતત વરસતી કૃપાનું શબ્દાત્મક પ્રતીક સમજું છું. આપ તો પુણ્યનિધાન ઉત્તમોત્તમ ગુરુદેવ છો. આપની સર્વતઃ સેવાનો લાભ મને ચિરકાળ હજુ પણ મળ્યા કરે, આપની આશાઓ સવાશે સંતોષ થયા કરે અને પરિણામે આપની વધુ ને વધુ કૃપા મારા પર વરસતી રહે એ જ મારો જીવનનું સાચું સૌભાગ્ય છે.

- રશ્મિરત્નવિ. - આગમરત્નવિ. - અક્ષયરત્નવિ.ને ખાસ શાતા જણાવશો.

- પૂ. પિતાજી મ.ને ખાસ ખાસ વન્દના કહેશો.

- અહીંથી ધર્મરત્નવિ.+ હિતરત્નવિ. એ વન્દના-શાતા પાઠવી છે.

- આ સહેતુક શાસનકાર્ય માટે આટલા દિવસ અલગ થવાનું આવ્યું છે. પરંતુ પ્રભુને પ્રાર્થના એ જ છે કે એક પણ વાર કોઈ પણ કાર્યવશ આપનાથી અલગ વિચરવાનું ન બને. કાયમ આપની કલ્પવૃક્ષ શી શીળી છાયામાં જ વસવાનું બને...

- અત્રાર્હ કાર્યસેવા ફરમાવશો.

દ૦: રાજરત્નસૂરિ

પરિશિષ્ટ 3 PARISHISHTA

# શિલાલેખની સૃષ્ટિ... વૈવિધ્યસભર દૃષ્ટિ...

પૂજ્યશ્રીની દીર્ઘકાલીન શાસનપ્રભાવનાઓ દરમિયાન જિનાલય – ઉપાશ્રયાદિ વિવિધ ધર્મકાર્યો પ્રસંગે તે તે સ્થાન સાથે સંબંધિત ઈતિહાસનું શિલાલેખાંકન સ્થળે સ્થળે થયું છે. આ પરિશિષ્ટમાં તે પૈકી ત્રણ શિલાલેખોની ઝલક છે. પ્રથમ છે દર્ભાવતીતીર્થોદ્ધારના એક અંગરૂપ પ્રાચીન શાંતિનાથ જિનાલયનો પૂજ્યશ્રીની પ્રેરણાથી જીર્ણોદ્ધાર થયો ત્યારે ત્યાં અંકિત સંસ્કૃત પદ્યમય શિલાલેખ. અહીં એ અક્ષરશઃ મુદ્રિત છે. બીજો છે કાંદિવલી જૈન સંઘમાં સંસ્થાપિત સંઘના પ્રેરક–પ્રણેતા પૂ. યુગદિવાકરશ્રીની જીવનઝલકરૂપ લેખ. ત્રીજો છે ભાયખલાતીર્થે થયેલ પૂજ્યશ્રીના ચાતુર્માસમાં તૈયાર કરાયેલ મોતીશાહની યશોગાથા વર્ણવતો શિલાલેખ. એકમાં પૂજ્યશ્રીની શાસનપ્રભાવકતા, બીજામાં પૂજ્યશ્રીની ગુરુભક્તિ અને ત્રીજામાં પૂજ્યશ્રીની ઈતિહાસદૃષ્ટિ ઝળકે છે. –સંપાદક

## श्री शान्तिनाथ जिनालय– जीर्णोद्धार–अञ्जन–प्रतिष्ठा –प्रशस्ति :

स्वस्त्यस्ति भूतले रम्यं, दर्भावत्याख्यपत्तनम् । वसुधारमणीभाले,तिलकमिव दीप्तिमत् ॥ (१)
सार्धसहस्रवर्षेभ्य :, प्राचीनेऽस्मिन् महापुरे । जज्ञे सूरिर्मुनिचन्द्रो , वैक्रमैकादशे शते ॥ (२)
शिष्यपञ्चशतीनेता , घोराचाम्लनिधिश्च स : । ससर्ज नैकशास्त्राणि, श्रुतहेमकषोपल : ॥ (३)
वस्तुपालस्य सोदर्य, – तेज:पालाख्यमन्त्रिणा । व्यरचि जैनप्रासाद :, सप्ततिशतचैत्ययुक् ॥ (४)
तथैवात्र पुरे सृष्ट :, पेथडेन जिनालय : । द्व्यधिकसप्ततिसङ्ख्या ,– प्रमितकुलिकायुत : ॥ (५)
शास्त्रस्रष्टा तत्त्वद्रष्टा, न्यायाम्भोधिनिशाकर : । वाचकेन्द्रो यशो धुर्य : पुर्यामस्यां दिवं गत : ॥ (६)
प्राज्ञोत्तम: सुचारित्र: , व्याख्यानैकविशारद : । सूरि : श्रीमोहनाख्योऽत्र , कालधर्ममवाप च ॥ (७)
एवं श्री जैनधर्मस्य , वृत्तान्तै : प्राक्तनैर्वरै : । अलङ्कृतं पुरं सम्यक् ,साम्प्रतेऽपि धुरि स्थितम्॥ (८)
श्रीमल्लोढणपार्श्वेशश्चञ्चन्नीलमणिप्रभ : । राजते स्फुरदैश्वर्य – स्तीर्थाधिपस्तथाऽधुना ॥ (९)
सप्त देवालया भान्ति , धर्मस्थानानि नैकश : । शतत्रयं निवासानां , गृहिणां जैनधर्मिणाम् ॥ (१०)
मुमुक्षूणां शतेनैव , चत्वारिंशद्युतेन च । जैनी दीक्षा गृहिताऽहो , साम्प्रते पुरजन्मिनाम् ॥ (११)
तेष्वेको राजते सूरि – र्भूरिपुण्यपयोनिधि : । नाम्ना सूर्योदयस्तद्वद् , धाम्ना सूर्योदय : खलु ॥ (१२)
युगदिवाकर: सङ्घ–नायको धर्मसूरिराट् । तत्पार्श्वे दीक्षितोऽभूत् स , आयुष: षोडशे समे ॥ (१३)
शब्दानुशासन – न्याय – साहित्यागमशास्त्रवित् । कृतयोग: प्रभावाढ्य:, प्राप सूरिपदं क्रमात् ॥ (१४)
स्वजन्मभूमितीर्थस्यो–द्धार: प्रारब्ध एकदा । तीर्थभक्तिभृतेनैव , तेन पुण्याढ्यसूरिणा ॥ (१५)
रसबाणनभोहस्त,– मिते वैक्रमवत्सरे । चतुर्मासीकृते सूरि – र्विज्ञप्त: सङ्घभाविकै: ॥ (१६)
द्विपञ्चाशत्तमे तस्मिन् , दीक्षावर्षे मुनीश्वर: । सोत्सवं शिष्यसंवृत–श्चतुर्मास्यै समागत: ॥ (१७)
तदा बभूव श्राद्धस्यो–पाश्रयोद्घाटनं वरम् । आराधनामहाश्रेणि:, सङ्घकार्यपरम्परा ॥ (१८)
उपधानं प्रतिष्ठा च, प्रव्रज्या षड्विरागिनाम् । पाठशालादिकं रम्यं, धर्मशालादिकं वरम् ॥ (१९)
श्राविकोपाश्रयोद्धारा – रम्भस्तेषु प्रकृष्टक: । श्री शान्तिनाथचैत्यस्य, जीर्णोद्धार: प्रकीर्तित: ॥ (२०)
श्री शान्तिजिनबिम्बं हि, सम्प्रतिराजनिर्मितम् । जिनालयस्तुप्राचीन:, शताब्दीनां चतुष्कत: ॥ (२१)
तत्स्थाने मूलतो नव्यं, रम्यं देवविमानवत् । चतुर्विंशतिसङ्ख्याभि:, कुलिकाभिर्विराजितम् ॥ (२२)
अपूर्वशिल्पयुग् भव्यं, चैत्यं कारितमुत्तमम् । श्री देवसूरिसङ्घेन, शिल्पशास्त्रविशारदै: ॥ (२३)
तत्सार्धमादिनाथस्य, चैत्यं चक्रे बहिर्पुरात् । वाचकयशउद्याने , तत्समाधिपदान्तिके ॥ (२४)
तत्रापि महती मूर्ति: , कायोत्सर्गसुसंस्थिता । नेत्रानन्दकरी चक्रे , चतुर्विंशतिमूर्तियुक् ॥ (२५)
तदञ्जनप्रतिष्ठार्थं, विज्ञप्त: स मुनीश्वर: । सद्य: समागत: सोऽपि , सङ्घकार्यसमुत्सुक: ॥ (२६)
श्रीयशोदेवसूरीश: , श्री जयानन्दसूरिप: । तयो:शुमाशीर्लाभेन , मण्डित: सुमहोत्सव: ॥ (२७)
चतुर्मास्यास्तृतीयेऽब्दे , मासे वैशाखसञ्ज्ञके । चतुर्दशाह्निके भव्ये , जिनभक्तिमहोत्सवे ॥ (२८)
कल्याणकोत्सवो दिव्य: , पूजनादिपरम्परा । रथयात्राविधानानि , सङ्घवात्सल्यसन्तति: ॥ (२९)
प्रव्रज्याप्रतिपत्तिश्च , चतसृभिर्मुमुक्षुभि: । पन्न्यासपदवीदान–, विधि: शास्त्रपुरस्कृत: ॥ (३०)
षडधिकदशानां तु , तपोधनतपस्विनाम् । वर्षीतप:समाप्तिश्च, तथाऽन्येषां तपस्विनाम् ॥ (३१)
महोत्सवेऽस्मिन् चमत्कार–कारिणी घटनाप्यभूत् । अधिष्ठायकदेवस्य,सन्निधानप्रतीतिकृत् ॥ (३२)
देवद्रव्यप्रवृद्धिश्च, पुष्पवृष्टिर्विमानत: । एवंविधोत्सवे भूरि – साधुसाध्व्य उपस्थिता: ॥ (३३)
शुक्लाष्टमीतिथौ रात्रा –,वञ्जनस्य विधि: कृत: । प्रतिष्ठाचार्यवर्येण, गूढ: शास्त्रानुसारत: ॥ (३४)
प्रात: सूरीशनिश्रायां, शुक्लायां नवमीतिथौ । चैत्ययोरुभयो: सर्वा: , प्रतिमा: सुप्रतिष्ठिता: ॥ (३५)

प्रशस्तिरेषा रचिता सुभक्त्या, शिष्येण सूर्योदयसूरिपस्य।
पन्न्यासराजान्वितरत्नकेन, षट्त्रिंशिका चित्तहरा सुबोधा॥ (३६)







**સુવર્ણ સમ જીવનનું સુવર્ણાક્ષરાંકન :** અહીં પ્રસ્તુત સુવર્ણાક્ષરીય બન્ને શિલાલેખો પૂજ્યશ્રીની પ્રેરણાથી તૈયાર કરાયા છે. તે પૈકી પ્રથમ લેખમાં પૂજ્યપાદ પરમોપકારી પરમગુરુદેવ યુગદિવાકર આ. ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા. નું યશસ્વી જીવન–કવન છે. પૂજ્યશ્રીએ બાર સ્થળે આવા શિલાલેખો અંકિત કરાવીને પૂ. યુગદિવાકરશ્રીના ઉપકારવાસિત સંઘોમાં તેઓશ્રીમદ્‌ની ચિરસ્થાયી પુણ્યસ્મૃતિ ગુરુભક્તિથી કરાવી છે. પ્રસ્તુત શિલાલેખ કાંદિવલી – મુનિસુવ્રત જિનાલય સંઘનો છે...બીજો શિલાલેખ છે મહામાનવ મોતીશાહનો. વિ.સં. ૨૦૬૮ના ભાયખલા તીર્થ (મુંબઈ)નાં યશસ્વી ચાતુર્માસ દરમ્યાન તીર્થપેઢીની વિનંતિથી પૂજ્યશ્રીએ તૈયાર કરાવેલ આ શિલાલેખ તીર્થજિનાલયના પ્રવેશદ્વાર પાસે અંકિત છે. અન્યત્ર સંઘોમાં પણ ત્યાંના ઈતિહાસના શિલાલેખો પૂજ્યશ્રીહસ્તક અનેક થયા છે.

પરિશિષ્ટ ૪ PARISHISHTA

# પૂજ્યશ્રી અને પરીક્ષાઓ

પૂજ્યશ્રી જેમ કલકત્તા યુનિવર્સિટીની નવ -નવ કઠિન પરીક્ષાઓ આપીને First Class First ઉત્તીર્ણ થનાર ઉત્તમ વિદ્યાર્થી હતા. તેમ અનેકોની પરીક્ષા લેનાર ઉત્તમ અધ્યાપક પણ હતા. અનેક વિષયો પર અનેક પૂ.સાધુ-સાધ્વીજી આદિનું ઊંડાણભર્યું અધ્યયન કરાવનાર પૂજ્યશ્રીએ અનેક વિષયોના પરીક્ષાપત્રો તૈયાર પણ કર્યા હતા અને પરીક્ષા પણ લીધી હતી. મારા સંગ્રહમાંથી મળી આવેલ આ પ્રશ્ન પત્ર અને 'જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી સંસ્કૃત-પ્રાકૃત ધાર્મિક પાઠશાળા' નો આ પત્ર તેની સાખ પૂરે છે. - સંપાદક





જગદ્ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી
સંસ્કૃત-પ્રાકૃત-ધાર્મિક-ગોડીજી જૈન પાઠશાળા-મુંબઈ.
પ્રેરક: પ. પૂ. યુગદિવાકર આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
કાર્યાલય : શ્રી ગોડીજી જૈન દેરાસર - ઉપાશ્રય, પાયધુની, મુંબઈ ૪૦૦ ૦૦૩.

રે. નં. ૩૩૩૧૫૬] તા. ૨૩-૧૦-૮૨

પ્રાતઃ સ્મરણીય, પરમ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી સૂર્યોદય વિજયજી મહારાજ સાહેબ ના ચરણ કમલમાં આપના શ્રાવક પુનમચંદ. કે. શાહની કોટીશઃ વંદના અવધારશોજી.

વિશેષ આપ પૂજ્યશ્રીને જણાવવાનું છે કે આપનું સુંદર રીતે કાઢેલ પ્રશ્ન પત્ર અમોને સમયસર મળ્યું હતું ; અને તે બદલ અમે આપનો ખૂબ આભાર માનીએ છીએ.

બીજું, આપશ્રીને વિનંતી છે કે આ સાથે મોકલેલ ઉત્તર પત્રોને તપાસીને અમારી ઉપરોક્ત સંસ્થાના સરનામે, ૧૦ દિવસ બાદ અમને મળી જાય તે રીતે મોકલી આપવા કૃપા કરશોજી.

વિષય:- હારિભદ્રાષ્ટક -(સાર્થ)
૧૩-૩૨

ઉત્તર પત્રોની સંખ્યા:- ૬૨

માર્ક્સ:- ૧૦૦

લી. સંસ્થાવતી
પુનમચંદ. કે. શાહની
કોટીશઃ વંદના.
અધ્યાપક - શ્રી ગોડીજી હીરસૂરી
સંસ્કૃત પાઠશાળા-પાયધુની
-મુંબઈ-



પરિશિષ્ટ ૫

# પત્રોનો પરિમલ : શ્રી જગડૂશાતીર્થરક્ષા આંદોલનની સફળતાદિનાં પૂજ્યશ્રી પરનાં પત્રો

પૂજ્યશ્રીનાં જીવનનું શ્રેષ્ઠ શાસનરક્ષાકાર્ય હતું શ્રી જગડૂશાતીર્થરક્ષા આંદોલનનું. આ આંદોલનની જ્વલંત સફળતાને વધાવતા અને તે પછી તુર્ત આવેલ પૂજ્યશ્રીની માંદગીની શાતાપૃચ્છા કરતા પત્રો પૈકી ઝલકરૂપ પત્રો અત્ર પ્રસ્તુત છે. - સંપાદક

## પૂ.આ. શ્રી રાજેન્દ્ર સૂ.મ.નો પત્ર



## પૂ.આ. શ્રી પ્રદ્યુમ્ન સૂ.મ.નો પત્ર



## પૂ.આ. શ્રી યશોવર્મ સૂ.મ.નો પત્ર



## પૂ.આ. શ્રી હેમરત્ન સૂ.મ.નો પત્ર



# શ્રી જગડૂશાતીર્થરક્ષા આંદોલનની સફળતાદિનાં પૂજ્યશ્રી પરનાં પત્રો

## પૂ.આ. શ્રી મુક્તિવલ્લભ સૂ.મ.નો પત્ર



## પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવરનો પત્ર



## પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.નો પત્ર



## પૂ. મુનિ શ્રી જયચન્દ્રવિજયજી મ.નો પત્ર



## પૂ.પં. શ્રી મેઘદર્શનવિજયજી ગણિવરનો પત્ર



# શ્રી જગડૂશાતીર્થરક્ષા આંદોલનની સફળતાદિનાં પૂજ્યશ્રી પરનાં પત્રો

## શ્રી મોરબી જૈન સંઘનો પત્ર


શ્રી મોરબી જૈન તપગચ્છ સંઘ

## શ્રી કારેલીબાગ જૈન સંઘ-વડોદરાનો પત્ર


શ્રી કારેલીબાગ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

## શ્રી આમોદ જૈન સંઘનો પત્ર


જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-આમોદ.

## શ્રી વડાચૌટા જૈન સંઘ - સુરતનો પત્ર


શ્રી વડાચૌટા સંવેગી જૈન (મોટા) ઉપાશ્રય

## શ્રી નંદલાલ દેવલૂકનો પત્ર


SHRI
ARIHANT PRAKASHAN
2237 B/1 "Padmalaya" Hilldrive
Near Circuit House Behind Port Colony
Waghawadi Road BHAVNAGAR-364002 (Guj.)

પરિશિષ્ટ ૬ PARISHISHTA

# પ્રભાવક સૂરીશ્વર અને પ્રભાવક ધર્મકાર્યો : કેટલીક પત્રિકાઓની ઝલક

પૂ. યુગદિવાકરશ્રીની પુણ્યપ્રભાવકતાનો વારસો ધરાવનાર દિવંગત પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં મહાન શાસનપ્રભાવક ધર્મકાર્યોની એવી પરંપરા સર્જાઈ છે કે ઘણી વાર એક પ્રસંગ પૂર્ણ થાય અને બીજો શરુ થાય. આયુષ્યના અંતિમ વર્ષે ૩૬ / ૩૬ મોટાં ધર્મકાર્યો પૂજ્યશ્રીની નિશ્રામાં નિર્ધારાયા હતા. એ પ્રસંગોની પત્રિકાઓ પણ આકર્ષક રહેતી. અહીં એ પ્રસંગોની પત્રિકાની કેટલીક ઝલકો પ્રસ્તુત છે. - સંપાદક




દર્ભાવતી તીર્થે... પૂજ્યપાદ દર્ભાવતી તીર્થોદ્ધારક
આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યનિશ્રામાં
પ્રાચીન શ્રી શાન્તિનાથ જિનાલયની અંજનશલાકા - પ્રતિષ્ઠા -
પંન્યાસપદાર્પણ - ચાર દીક્ષાઓ - સમૂહવર્ષીતપ
પારણાં - ભોજનશાળા - ધર્મદ્વાર ઉદ્‌ઘાટનના
મહામહોત્સવે નેહપૂર્ણ નિમંત્રણ
દિવ્ય કૃપા
શુભાશિષ
નિમંત્રક
અંજનશલાકા મહોત્સવ
હૃદયેશ્વર સાથે
હૃદયમેળ
વડોદરા-બાબાજીપુરા જૈન સંઘનાં પુણ્યાંગણે...
સકલ શ્રી સંઘોને આદરભીનું આમન્ત્રણ
શુભ દિવસો
નિમન્ત્રક : શ્રી બાબાજીપુરા જૈન સંઘ, દેરાપોળ, વડોદરા-૩૯૦ ૦૦૧
દર્ભાવતીતીર્થે...
અમૃત મહોત્સવે
હૈયાનું હરખતેડું
વર્ષ
અમૃત મહોત્સવ
પ્ર...તિ...ષ્ઠા
સુવર્ણ
મહામહોત્સવ
...દર્ભાવતીતીર્થના પુણ્યાંગણે...
પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી
મ.સા.ની પુણ્યનિશ્રામાં ૧૩-૧૩ પૂ. સાધુ-સાધ્વીજીના
આયંબિલ અને જપ ઉપવાસ-માસક્ષમણ-૨૫ ઉપવાસ
પસમાપન તેમજ શ્રી નવતત્ત્વપ્રકરણ-સુમંગલામહાટીકાના
ગુર્જર ભાવાનુવાદયુક્ત મહાગ્રન્થપ્રકાશન નિમિત્તે
શાનદાર દશાહ્નિક મહોત્સવે
નેહનીતરતું આમંત્રણ
શ્રી નવતત્વ પ્રકરણ
સિદ્ધાચલના વાસી...
ચેમ્બુરતીર્થના વાસી જિનજી પ્યારા...
ઋષભદેવને વંદન હમારા...






તમે સૂરજ થઈને ચમક્યા

પરિશિષ્ટ ૭ PARISHISHTA

# અખબારો આદિની અટારીએથી : પૂજ્યશ્રીના પ્રભાવક ધર્મકાર્યો આદિના સમાચારો

પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યશ્રીની નિશ્રામાં સતત યોજાતાં અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષાદિ મહોત્સવોના તેમજ પ્રવચનોનાં સમાચારો અખબારોમાં લગભગ પચીશ વર્ષોથી સતત પ્રકાશિત થતા રહેતા હતા. અહીં તે પૈકી માત્ર ઝલકરૂપ કેટલાક સમાચારો, જગડૂશા જિનાલય રક્ષા આંદોલનના સમાચારો, પૂજ્યશ્રીની અંતિમ માંદગી-કાલધર્મ-ગુણાનુવાદસમાચારો - 'અમૃતની અંજલિ'માં પ્રકાશિત પૂજ્યશ્રીના કેટલાક લેખો તેમજ 'સાઈન - શો' સાપ્તાહિકના કેટલાક પેજ આદિ પ્રસ્તુત છે. -સંપાદક



ગુજરાત સમાચાર

ઘાટકોપરના દેરાસરનાં શિખર નીચે દેરાસરના પ્રેરક આચાર્ય ધર્મસૂરિશ્વર મહારાજ

ચાતુર્માસમાં વિહાર આચાર્ય સૂર્યોદયસૂરી મહારાજ

મુંબઈના ઘાટકોપરના ત્રિમંજલી વિરાટ દેરાસરને તોડી પાડવાની હિલચાલ સામે મુંબઈના તમામ જૈનાચાર્યો, જૈનસંઘો અને લાખો જૈનો દ્વારા ધર્મરક્ષા-તીર્થરક્ષા

મુંબઈમાં હજારો દારૂ-જુગારના અડ્ડાઓ, સેંકડો ઝુંપડપટ્ટીઓ વગેરેને સલામત રખાય છે તો જૈનોના દેરાસરને

રસ્તામાં નડતરરૂપ મંદિરોને તોડી પડાતા નથી..નાનકડી શંકર ભગવાનની કે હનુમાનજીની

મિડ-ડે : ૨૯ જુલાઈ, ગુરુવાર

ઘાટકોપરના દેરાસર માટે વાપીમાં જૈનોના ચારે ફિરકાઓની રૅલી

કાલે રાજકોટમાં વિશાળ મોરચો

જગડુશા જિનાલય રક્ષા નિમિત્તે અભુતપૂર્વ જૈન એકતા

હમ સબ એક હૈં

નેટવર્ક

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ મુંબઈ

દેરાસર બચાવવા થયેલી અરજીની સુનાવણી ગુરુવારે

રાજકારણીઓનાં નિવેદનો વખોડી તેમનાથી દૂર રહેવા તીર્થરક્ષા સમિતિની જૈનોને અપીલ

જગડુશાનગર દેરાસરના પ્રશ્ને જૈનાચાર્યના ઉપવાસ

મુંબઈ, તા. ૨૭ :

જગડુશા નગર દેરાસર અંગે આજે સુનાવણી અદાલતના ચુકાદા બાદ રાજ્ય સરકાર સાથે બેઠક યોજવાનો નિર્ણય

૨૯ જુલાઈ ગુરુવાર, જન્મભૂમિ

અમારા પ્રતિનિધિ તરફથી મુંબઈ, તા. ૨૯ : ઘાટકોપર જગડુશાનગરના સર્વત્ર પ્રસિદ્ધ પામેલા ઉવસગ્ગહર ... આગળ વધી શકે તેમ મહાનગરપાલિકાએ રજૂઆત કરી છે. બીજી

આજની નવી જાક

જગડુશાનગર દેરાસર બચાવ મહાસભામાં અમદાવાદથી પણ જૈનો આવ્યા

મહાનગરપાલિકાના ઍફિડેવિટમાં દેરાસર કાયદેસર બની શકે તેવી શક્યતા છે : બધો આધાર કોર્ટ પર

૨૯ જુલાઈ ગુરુવાર: સમકાલીન

મુંબઇ, તા. ૨૮ : ઘાટકોપર-જગડુશાનગરના સર્વત્ર પ્રસિદ્ધિ પામેલા ઉવસગ્ગહર પાર્શ્વનાથના શિખરબંધી ભવ્ય દેરાસરને બચાવી લેવા જગડુશા જૈન સંઘે ... કોર્ટ કેવું વલણ અખત્યાર કરે છે એના પર સમગ્ર જૈન સમાજની મીટ મંડાઇ છે. જગડુશાનગર જૈન સંઘના અગ્રણીઓને મહારાષ્ટ્ર સરકારના ગૃહ રાજ્યપ્રધાન કૃપાશંકર સિંહ તરફથી એમના સચિવે બુધવારે બપોરે આ વિષયમાં ચર્ચા માટે આવવાનો પત્ર પાઠવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ પત્ર મળ્યા બાદ બુધવારે સવારે જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજના ... છે કે આજે બેઠક લેવામાં આવે તો નામદાર કોર્ટ અથવા અન્ય કોઇ અડચણ ઊભી થાય તેવી ચિંતા હોવાને કારણે માનનીય કોર્ટ નિર્દેશ આપે તે પછી આપણે આગળની ચર્ચા માટે ભેગા થઇએ તો યોગ્ય થશે એવો અમારો મત હોવાથી અમારા સંઘે આજની બેઠકમાં ઉપસ્થિત નહીં રહેતાં માનનીય પ્રધાનને (કૃપાશંકર સિંહને) આજની બેઠક આગળ પર લઇ જવા

સુધરાઈ આજે જગડુશાનગર દેરાસરનો કબજો નહીં લે

# જગડુશાનગર દહેરાસર કાયદેસર બને એ માટેનો માર્ગ મોકળો: આરાધકોનો વિજય

૩૦ જુલાઈ શુક્રવાર : મુંબઈ સમાચાર

## રવિવારે ઘાટકોપરના તમામ જૈન સંઘો દ્વારા ઉત્સવ યોજવાની વિચારણા



## જગડુશાનગર દેરાસર બચાવ મહાસભામાં સાઠ હજાર જૈનો વરસતા વરસાદમાં ઊમટી પડ્યા

## જૈનોએ કોર્ટમાં જ પેંડા વહેંચ્યા

૩૦ જુલાઈ શુક્રવાર : મિડ-ડે

# જૈનોની મહાઆરતી

૩૦ જુલાઈ શુક્રવાર : મિડ-ડે

અદાલતના ચુકાદા પછી જગડુશાનગરના દેરાસરમાં ૧૦૮ દીવાની આરતી

દેરાસરના પ્લોટને બદલે સુધરાઈને કયો પ્લોટ આપવો







## જગડુશાનગરમાં જૈનોની મહાઆરતી

શુક્રવાર, ૩૦ જુલાઈ ૨૦૦૪



## દહેરાસરને મુદ્દે આજે સત્તાધારીઓની બેઠક

## હાઈ કોર્ટની સુનાવણી ગુરુવાર પર મોકૂફ

## જગડુશા દેરાસરની રિટ્યુપિટિશનની આજે સુનાવણી: રક્ષા માટે ગમે તે ક્ષણે હાજર થવાનો જૈનોનો કોલ

કોર્ટના ચુકાદાને જૈન સમાજનો આવકાર : દેરાદેર

## જગડુશાનગર દેરાસર કેસમાં પાલિ... આંશિક વિજય : હાઈ કોર્ટે પાંચ મહિ...

મહાનગરપાલિકાને ૯૦ દિવસની મહેતલ આપી

પદાધિકારીઓ સાતે બેઠક યોજી કાયદેસરતા બક્ષવાના ઉપાયો વિચારવાની તાકીદ

માર્ગ ખૂલ્યો : વધુ અદાલતે પાંચ મહિનાનો સમય આપ્યો





દેરાસરોમાં અંગરચના અને મહાઆરતી ભક્તિભાવનાના કાર્યક્રમો યોજાયા

રવિવારે ઘાટકોપરમાં તમામ સંઘો દ્વારા ઉત્સવ રેલી યોજવા વિચારણા

## ...શાનગર દહેરાસર જગડુશાનગરમાં ... જૈનાચાર્ય

(પહેલા પાનાનું ચાલુ) ... સૂર્યોદયસૂરીશ્વરજીની નિશ્રામાં ...પૂર્વક હાથ ધરીને સફળતાપૂર્વક કાર્યવાહીનો આયોજન ...વા બદલ આચાર્યશ્રીએ બેઠક બોલાવાઈ હતી. આગામી ...યસૂરીશ્વરજીને ... ખાસ દિવસમાં સંઘના પદાધિકારીઓ ...દિન પાઠવ્યાં હતાં. ધુરંધરને લીગલ સેલને નક્કર રૂપ ...યોએ લોકોને જણાવ્યું હતું કે આપશે. સંઘે જાહેર નિવેદન દ્વારા ...નો પ્રત્યક્ષ પ્રભાવ નિહાળી ...અભિયાનમાં હકારાત્મક ટેકો આપવા ...જૈનોએ પ્રભુ પ્રત્યે વધુ ને વધુ ... પ્રસાર માધ્યમનો પણ આભાર ...જુ બનીને એક વાર તો આવ્યો છે.

## જગડુશાનગરના જૈન દેરાસરની કાયદેસરતાનો માર્ગ ખૂલ્યો: પાંચ માસનો સમય મળ્યો

૩૦ જુલાઈ શુક્રવાર : સમકાલીન

## જૈન દેરાસર તોડવાની કોશિશ નાકામિયાબ રહી

## ...અને અદાલતમાં પણ દેરાસરનો પ્રશ્ન અગ્રક્રમે રહ્યો

# જૈનોની લડત કદાચ સફળ થશે

મિડ-ડે ૨૯ જુલાઈ ગુરુવાર

# ઘાટકોપરનું દેરાસર નહીં તૂટે : સરકારનો સ્પષ્ટ સંકેત

સોમવાર, તા.૩ ઓક્ટોબર, ૨૦૧૧



જૈન શાસનમાં જવલ્લે બનતી ઘટના : જનલોકપાલ આંદોલન સમયે અન્ના હજારે ના ૧૧ ઉપવાસને આશ્ચર્યરૂપ ગણાવ્યા હતા. પરંતુ જૈનસાધુ- સાધ્વજી એનાથી અનેક ગણા ઉપવાસનો તપ આજે પણ હસ્તે મુખે ... ડભોઈ તીર્થે જૈનાચાર્ય સુર્યોદય સૂરીશ્વરજી મહારાજના ૧૪-૧૪ સાધુ- સાધ્વીએ પાંચસો આયંબિલ અને તેના ... ૪૫-૩૧-૩૦-૨૫ ઉપવાસની તપસ્યા આનાં બોલતાં પુરાવો છે. રવિવારે તપસમાપન સમારોહમાં ખુદ જૈના... જૈન શાસનમાં જવલ્લે બનતી ઘટના છે. તપના સમાપન વિધિ સાથે મહાગ્રંથનું લોકાર્પણ યોજાયુ હતુ.(તસવીર...

## ડભોઈ જૈન શાસનની જવલ્લે બનતી ઘટનાનું સા...

# ૧૪ સાધુ-સાધ્વીના ૫૦૦ આયં... અને ૪૫ ઉપવાસનાં ભવ્ય ...

ડભોઈ,તા.૨

પ્રાચીન જૈન તીર્થ ડભોઈમાં, દર્ભાવતીતીર્થોદ્ધારક જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ તથા યુવાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજનાં સાન્નિધ્યમાં, ૧૪ સાધુ - સાધ્વીજીની દીર્ઘ ઉગ્ર તપસ્યા ... તેમજ સંસ્કૃત ધર્મગ્રન્થના દશ હજાર ... ભાવાનુવાદ મહાગ્રન્થના લોકાર્પણ ... ડભોઈતીર્થ ઉપરાંત મુંબઈ - અમદાવ... હજારથિ વધુ ભાવિકોની જાણે ભાવસાગર...

## ૧૦ હજાર શ્લોકના ગુજરાતી ભાવાનુવાદ... લોકાર્પણ : તપસ્વીઓનો ભવ્ય વરઘોડ...

સંદેશ. તા.૭/૧૨/૧૧.



# ડભોઈથી શંત્રુજય મહાતીર્થ... સંઘનો ભવ્ય પ્રયાણ સમારો...



# ડભોઈમાં બાવન વર્ષબાદ ચાતુમાર્સ કરવા સાધુ-સાધ્વીજીઓનું સામૈયુ : ભવ્ય શોભા...

## બાવન લાખના ખર્ચે તૈયાર થયેલ નૂતન ઉપાશ્રયનું ચાંદીનુ તાળું ખોલીને ઉદ્દઘાટન

# જિનેન્દુ

# ડભોઈના ઇતિહાસમાં સર્વપ્રથમ ડભોઈના જ પાંચ ભાઈઓ સાથે કુલ છ મુમુક્ષુની પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. ના હસ્તે દીક્ષા



સંદેશ તા. ૮/૧૦/૨૦૧૧

# સંપત્તિની રક્ષામાં તત્પર માનવી સદ્ગુણોની રક્ષામાં તત્પર નથી : સૂર્યોદય સૂરીશ્વરજી

ડભોઇ, તા. ૭

લાખ રૂપિયાની બેગ લઇને કોઇ શાણો માનવી ગુંડાઓ જ્યાં રહેતા હોય એ ગલીમાં જવાનું જોખમ ઉઠાવતો નથી હોતો કે રાતના અંધકારમાં ય એ બેગ લઇને બહાર નીકળવાનું સાહસ બુધ્ધિમાન માનવી કરતો નથી, કેમ કે, એને પાકી ખબર હોય છે કે એમ કરવા જતાં રૂપિયા લૂંટાઇ જવાની પૂરી શકયતા છે. એથી જ સંપત્તિ સાચવવાનાં તત્પર માનવી ભૂલમાં ય આવું સાહસ કરતો નથી. પણ અફસોસ છે કે માનવી સદ્ગુણો માટે આવી તત્પરતા રાખતો નથી. એટલે જ એ જ્યાં સદ્ગુણો લૂંટાવાની પૂરી શકયતા છે એવી કલબો-પાર્ટીઓ વગેરેમાં ભટકવામાં કે મોડી રાત સુધી સ્વચ્છંદ પણે રખડવામાં એને કોઇ સંકોચ નથી...એમ વિદ્વાન પ્રવચનકાર આચાર્યદેવ સૂર્યોદય સૂરિશ્વરજી મહારાજે ડભોઇના વિજયદેવસૂ... જૈન સંઘના નૂતન ઉપાશ્રયના વિરા... હોલમાં ભાવિકોને સંબોધતા જણા... હતું.

તેજસ્વી ચિંતક ગણિ... રાજરત્નવિજયજી મહારાજે ૬૦... શિબિરાર્થીઓની અંતિમ શિબિર... નોકર-ચાકર પ્રત્યેનું કર્તવ્ય સમજાવ... જણાવ્યું હતું કે તમારી માણસાઇ ... કહેવાય કે તમે તમારા આશ્રિતો પ્ર... સદવ્યહાર કરો. તમે એમનું શો... કરવાની વૃત્તિ રાખશો તો એ... મનમાં ય પાપ પ્રવેશશે અને પરિ... ઉઠાંતરી, ચોરી, લૂંટ જેવા મા... અપનાવતો થઇ જશે. એક વાત ખ... યાદ રાખજો કે એ સહુ નોકર પ... છે, સર્વપ્રથમ તો માણસ જ ... આટલું ખ્યાલમાં રાખશો તો એ... સાથે પશુ જેવો વ્યવહાર કરતાં અ... શકાશે.



ડભોઇ ખાતે શુકવારે એક સાથે છ મુમુક્ષુઓના દીક્ષા સમારોહની ઉજવણી ભક્તિભાવપૂર્વક થઇ ત્યારે હજારો ભ... કરનાર ૧૨ વર્ષના અંકુર સહીત છ મુમુક્ષો અને બીજી તસ્વીરમાં આ પ્રસંગે ઉમટી પડેલા શ્રધ્ધાળુઓ નજરે પડે

# ડભોઈમાં સંસારનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરતાં ૬ મુમુક્ષો

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, શુકવાર

ડભોઇના આંગણે આજે ઉજવાયેલો છ-છ ભાવિકોનો દીક્ષા મહોત્સવ જૈન શ્રધ્ધાળુઓ માટે અનન્ય પર્વ બની રહ્યો હતો.

હજારો શ્રધ્ધાળુઓની હાજરીમાં અને જૈન જેટલા જૈન સંપ્રદાયના સાધુ સાધ્વીઓની ઉપસ્થિતિમાં છએ જૈન ભાવિકોએ દીક્ષા અંગીકાર કરીને સંસાર જીવનનો ત્યાગ કરવાના ભાગરૂપે પોતાના શરીર પરથી ...

## જૈનાચાર્ય વિજય સુર્યોદય સુરીસ્વરજી મહારાજ દ્વારા દીક્ષા

... બન્યો નથી અને આજના પાવન પ્રસંગના સાક્ષી બની રહેવા માટે ડભોઈ ઉપરાંત અમદાવાદ, વડોદરા, કરજણ અને મુંબઇથી હજારો ભાવિકો ઉમટી પડયા હતા.

ડભોઇના પનોતાપુત્ર જૈનાચાર્ય શ્રી વિજય સુર્યોદય સુરીશ્વરજી મહારાજના વરદ હસ્તે છએ મુમુક્ષોઓને દીક્ષા આપવામાં આવી હતી. દીક્ષા લેનારા અંકીતકુમાર શાહને અગમરત્ન વિજયજી ભાવિનકુમાર શાહને ધર્મરત્ન વિજયજી હીરેનકુમાર શાહને હીતરત્ન વિજયજી, ભાવિનકુમાર શાહને ભક્તિરત્ન વિજયજી, અંકુરકુમાર શાહને અક્ષયરત્ન વિજયજી અને પીન્કીબેન શાહને પરમરમ્યાશ્રીનું નામ આપવામાં આવ્યું હતું.

''દર્ભાવતી તીર્થોધ્ધારક''નું બીરૂદ અર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે હાલમાં જીર્ણોધ્ધાર કરાઇ રહેલા પ્રાચીન શાંતિનાથ મંદીરની આચાર્યશ્રી મુનિચંદ્ર સુરીશ્વરજી મહારાજના ગુરૂમંદિરની ઉછામણી અને યશોવાટીકામાં સરસ્વતી દેવીની મુર્તિ સ્થાપનાની ઉછામણી બોલાઇ હતી.

## મુમુક્ષોમાં ૧૨ વર્ષના અંકુરનો પણ સમાવેશ

## પર્યુષણ પર્વની વિરાટ પ્રવચન સભામાં જૈનાચાર્યનું પ્રેરક પ્રવચન

# પોતાના ભોગે પણ અન્યોને જીવાડવા તે જ સાચી અહિંસા : સૂર્યોદયસૂરીશ્વરજી

# ડભોઈતીર્થે ચૌદ જૈન સાધુ-સાધ્વીજીની ઉગ્ર તપસ્યા તથા ગ્રન્થપ્રકાશનનો દશ દિવસીય મહોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ)ડભોઈ,તા.૨૧

પ્રસિધ્ધ જૈન તીર્થ ડભોઈમાં પ્રભાવક જૈનાચાર્ય સુર્યોદય સૂરીશ્વરજી મહારાજ તથા યુવાચાર્ય રાજરત્નસુરીશ્વરજી મહારાજનાં સાનિધ્યમાં, ચૌદ ચૌદ સાધુ-સાધ્વીજી દ્વારા થઈ રહેલ સળંગ ૪૫-૩૧-૩૦-૨૫ ઉપવાસો તથા પાંચસો-પાંચસો આયંબિલ તપના સમાપન નિમિત્તે,તા.૨૩ સપ્ટેમ્બરથી તા.૨ ઓકટોબર દરમ્યાન, અનેક અનુપમ કાર્યક્રમો સાથેનો દશ દિવસનો શાનદાર મહોત્સવ, ડભોઈના શ્રી વિજયદેવસૂરિ જૈન સંઘના ઉપક્રમે આયોજીત થયો છે.

છેલ્લા દોઢ વર્ષથી તેર સાધુ-સાધ્વીજી પાંચસો આયંબિલની જે કઠિન તપસ્યા કરે છે તેની પૂર્ણાહૂતિમાં મુનિ આગમરત્ન વિજયજીએ સળંગ પીસ્તાલીશ ઉપવાસ, કર્યા છે. મુનિ હિતરત્નવિજયજીએ પાંચસો આયંબિલ ઉપર સળંગ પીસ્તાલીશ ઉપવાસ કર્યા છે. તો સાધ્વી વિશ્વવ્રતાશ્રીજી- તત્વહિતાશ્રીજી- વિશ્વ શાસ્ત્રીજીએ પાંચસો આયબિલ ઉપર ક્રમશઃ સળંગ એકત્રીશ-ત્રીશ અને પચીસ ઉપવાસ કર્યા છે. આ મહાન તપના સમાપન દિને જ, સ્વર્ગીય આચાર્ય ધર્મસુરીશ્વરજી મહારાજે રચેલ છ હજાર શ્લોક પ્રમાણ સંસ્કૃતભાષાના નવતત્વ સુમંગલા ટીકાગ્રન્થ પર જૈનાચાર્ય સુર્યોદય સૂરીશ્વરજી મહારાજે કરેલ દશ હજાર શ્લોક પ્રમાણે ગુજરાતી ભાવાનુવાદના મહાગ્રન્થનું પણ ઉદ્ઘાટન થશે.

આ બન્ને પ્રસંગ નિમિત્તેના મહોત્સવમાં વડોદરા વિસ્તારના એકસો જૈન ધાર્મિક પંડિતોનું વિશિષ્ટ સન્માન, આઠ સ્ટેજકાર્યક્રમો, પાંચ મહાપૂજાઓ, અગિયાર ધાર્મિક-વાત્સલ્યો, બે ભવ્ય વરઘોડા, નાટકો, શાનદાર મહાપૂજા, રંગોળી પ્રદર્શન, લોકડાયરો વગેરે અનેક કાર્યક્રમો ખ્યાતનામ કલાકારોના સંગે યોજાશે. તમામ તપસ્વીઓના તપનું સમાપન તથા મહાગ્રન્થ ઉદ્ઘાટન તા.૨ ઓક્ટોબર, રવિવારે બે હજાર ભાવિકોની ઉપસ્થિતિમાં થશે.



ડભોઇ

૫૦૦ આયંબિલ તેમજ ૪૫-૩૧-૩૦ ઉપવાસના પરમતપસ્વી સાધુ- સાધ્વીજીઓ પૈકી પ્રથમ હરોળમાં ડાબી બાજુએથી પૂ.મુનિરાજ રશ્મિરત્નવિજયજી મ,પૂ.મુનિરાજ આગમરત્ન વિજયજી મ., પૂ. મુનિરાજ ધર્મરત્નવિજયજી મ., પૂ.મુનિ હિતરત્નવિજયજી મ., પુ.મુનિરાજ અક્ષયરત્નવિજયજી મ., પૂ.સા. વિરાજધર્મા શ્રીજી મ., પૂ.સા. નિસંગમિત્રાશ્રીજી મ., પૂ.સા. ચરણરમ્યાશ્રીજી મ., પૂ.સા. પરમરમ્યાશ્રીજી મ., પૂ.સા. વિશ્વર્યાશ્રીજી મ., પૂ.સા. આગમદર્શશ્રીજી મ., પૂ.સા. સર્વવન્દ્યાશ્રીજી મ., પ.સા. તત્વહિતાશ્રીજી મ., પૂ. વિશ્વયશાશ્રીજી મ. તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર: બાલકૃષ્ણ શાહ,ડભોઈ)

દિવ્ય ભાસ્કર

# ચેમ્બુર તીર્થે ભાવવિભોર માહોલ[illegible] ઊજવાયો શાનદાર દીક્ષા મહોત્સવ



ભાસ્કર ન્યૂઝ, મુંબઈ

પરમશાસન પ્રભાવક જૈનાચાર્યસૂર્યોદય સૂરીશ્વરજીમહારાજ [illegible] તેજસ્વી વક્તા યુવાચાર્ય

અમર રહો...'ના નારા[illegible] વધાવ્યા હતા. તે પછી દરેક [illegible] ઉપકરણની માતબર ઉછામ[illegible] અંતે મુમુક્ષુ સંયમવસ્ત્રોમાં સ[illegible] થઈને સભામાં [illegible]

# ચેમ્બુરતીર્થે શાનદારરૂપે યોજાયો 'શત્રુંજયશિલા પૂજન'નો સમારોહ



મુંબઈ, તા. ૨૯

પ્રકાંડ વિદ્વાન પરમશાસનપ્રભાવક જૈનાચાર્યસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી, મુંબઈના 'શત્રુંજય' ચેમ્બુરતીર્થે યોજાયેલા અઢાર દિવસીય શાનદાર પ્રતિષ્ઠા-વર્ષીતપ સમાપન મહોત્સવમાં, આજે સવારે, જૈનોના સર્વોચ્ચ તીર્થ શત્રુંજયગિરિરાજથી લવાયેલા વિશાલ શિલાનું પૂજન યોજાતાં, સમગ્રતીર્થ-પરિસર ભાવિકોથી છલકાઈ ઊઠ્યું હતું.

તમામ વર્ષીતપ સાધકોનો એકેક નાની શિલા પૂજન માટે અપાઈ હતી, તો મુખ્ય મંચ ઉપર શત્રુંજય તીર્થાધિપતિ આદીશ્વર પ્રભુના મંદિરે લહેરાવાયેલ વિશાલ ધ્વજા

આત્માઓનો નિસ્તાર કરી રહ્યું છે. એથી એના માટે 'કાંકરે કાંકરે અનંત સિદ્ધ[illegible] ઉક્તિ પ્રચલિત છે.'' યુવાચા[illegible] શત્રુંજયગિરિને સંકલ્પતીર્થ - સત્વતીર્થ શૌર્યતીર્થ-સમર્પણતીર્થ અને સિદ્ધિતીર્થરૂ[illegible] ગણાવીને પ્રત્યેક વિશેષણની રસપ્રદ સત્[illegible] ઘટનાઓ હૃદયસ્પર્શી રીતે ભાવિકો સમક્ષ પ્રસ્તુત કરતાં સહુ અહોભાવ તરબોળ બની ગયા હતા. અમદાવાદથી આવેલ પ્રવક્તા સંકેત શાહે 'શત્રુંજયવંદના'ની સરસ સ્તુતિ-સંવેદના પ્રસ્તુત કરી હતી.

આ જ સમારોહમાં, તા. ૧ મે સવારે ૭.૦૦ ક. યોજાયેલા ઐતિહાસિક વર્ષીતપ રથયાત્રાની [illegible]

ગુ. સ. તા. ૧૨-૩-૧૪.

# 'પુણિયા શ્રાવક' સ્ટેજ કાર્યક્રમમાં ચેમ્બુર તીર્થે જંગી મેદની ઊમટી

મુંબઈ, તા. [illegible]

પરમ શાસન પ્રભાવક વરિષ્ઠ જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની પ્રેરણ[illegible] શાનદાર રીતે ઉજવાતાં ચેમ્બુરતીર્થ પ્રતિષ્ઠા સુવર્ણમહોત્સવમાં તા. ૧૧મી [illegible] ભગવાન મહાવીર પ્રભુના સમકાલીન મહાસાધક પુણિયાશ્રાવકના સામાયિક પ્ર[illegible] 'સ્ટેજ-શો' યોજાતાં, બે હજારથી વધુ ભાવિકોએ સતત ચાર કલાક ભાવતરબોળ [illegible] તે ધન્ય પળો માણી હતી. આ સમગ્ર આયોજનનો લાભ ચેમ્બુરતીર્થના [illegible] ચંપાલાલ બંબોલી પરિવારે લીધો હતો.

## સંપૂર્ણપણે સોનામાં બનાવાયેલો 'કલ્પસ[illegible] ગ્રન્થ જૈનાચાર્યોને અર્પણ કર[illegible]



# ચેમ્બુર સુવર્ણ મહોત્સવમાં યોજા[illegible] આદિનાથ મહાભિષેક અનુષ્ઠા[illegible]

મુંબઈ, તા. ૧૮

મુંબઈના લાખો જૈનોના પરમ શ્રદ્ધાકેન્દ્ર ચેમ્બુરતીર્થે, ધુરંધર જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ પ્રેરણાથી સતત તેર દિવસોથી જબર જસ્ત ઉંમગપૂર્વક ઉજવાઈ રહેલ સુ[illegible] પ્રતિષ્ઠા મહોત્સ[illegible] યશકલગી [illegible] મંગળવારે સવારે [illegible] ૩ સુધી સતત છ ક[illegible] તીર્થાધિના[illegible] આદિનાથપ્રભુના [illegible] સમગ્ર જિનાલય ભ[illegible] ગયું હતું [illegible]

હતું. ચેમ્બુરતીર્થના પચાસ વર્ષ[illegible] ઈતિહાસમાં સર્વપ્રથમવાર યોજાયેલ [illegible] મહાભિષેકમાં થયેલ અખંડ ધારાએ કેસ[illegible] વૃષ્ટિ- રત્નવૃષ્ટિ અ[illegible] પાંત્રીશ કિલો પુષ્પવૃષ્ટિ નિહાળવા ભાવિકો[illegible]

## ચેમ્બુરના તીર્થે

(ત્રીજા પાનાનું ચાલું)

જાતે વહીને શ્રદ્ધાનો પુરાવો આપ્યો હતો.

સોમવારે સવારે અઢાર અભિષેક વિધાન બાદ 'આદીશ્વરવંદના'માં ભક્તો ભક્તિરંગથી રંગાયા હતા, તો સુવર્ણ [illegible]હોત્સવમાર્ગદર્શક યુવાચાર્ય [illegible]જરત્નસૂરીશ્વરજી મહારાજે દુઃખ મુક્તિ, [illegible]ષમુક્તિ, ઋણમુક્તિરૂપ ત્રિસ્તરીય [illegible]ક્તિ દર્શાવીને વિવિધ દ્રષ્ટાંતો દ્વારા સૌને [illegible]વતરબોળ બનાવ્યા હતા. આ પ્રસંગે જ [illegible]છનાયક આ. કનક રત્નસૂરીશ્વરજી, [illegible]ોક્ત બન્ને આચાર્યો તથા આ કલાપૂર્ણ [illegible]શ્વરજી મ. સહિત તમામ સાધુ- [illegible]

ચેમ્બુર સુવર્ણ મહોત્સવમાં યોજાયું આદિનાથ મહાભિષેક અનુષ્ઠાન

મુંબઈ, તા. ૧૮

મુંબઈના લાખો જૈનોના પરમ શ્રદ્ધાકેન્દ્ર ચેમ્બુરતીર્થે, ધુરંધર જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ પ્રેરણાથી સતત તેર દિવસોથી જબર જસ્ત ઉંમગપૂર્વક ઉજવાઈ રહેલ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવની

હતું. ચેમ્બુરતીર્થના પચાસ વર્ષના ઈતિહાસમાં સર્વપ્રથમવાર યોજાયેલ આ મહાભિષેકમાં થયેલ અખંડ ધારાએ કેસર વૃષ્ટિ- રત્નવૃષ્ટિ અને [illegible] પુષ્પવૃષ્ટિને

## ચેમ્બુર સુવર્ણ

(ત્રીજા પાનાનું ચાલું)

વિશ્વકલ્યાણની ભાવના ઉજાગર કરાઈ હતી. કેસર-બરાસ વગેરે વિવિધ વર્ણોના

સતત અભિષેકોનાં કારણ દરક [illegible]ભાગમા પ્રભુપ્રતિમાનું રૂપ-સ્વરૂપ બદલાતું હોવાથી ભક્તો ખૂબ ભાવવિભોર બની ગયા હતા. સુવર્ણમહોત્સવ માર્ગદર્શક યુવાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજે પ્રત્યેક અભિષેકનું હાર્દ સમજાવીને કહ્યું હતું કે ''વ્યક્તિરૂપે પ્રભુ ભલે મોક્ષમાં છે, પરંતુ શક્તિરૂપે પ્રભુ સમગ્ર સૃષ્ટિમાં છે. ભક્તાત્મા ભક્તિદ્વારા પ્રભુને શક્તિરૂપે આત્મસાત કરે છે.'' પ્રત્યેક ભક્તિગીતને અનુરૂપ ચિંતનો-દ્રષ્ટાતો દ્વારા યુવાચાર્ય ભક્તોની ભાવધારાને પરાકાષ્ઠાએ લઈ ગયા હતા. આ જ અનુષ્ઠાનમાં આદિનાથ પ્રભુના રત્નજડિત મુગટની તથા શેષ ધજાઓની બોલી માતબર ઉછામણી દ્વારા અપાઈ હતી. આ ઉપરાંત બુધવારે [illegible]સૂરીશ્વરજી મ.ની

# ચેમ્બુરના તીર્થે ધુળેટીમા ભાવ-ભક્તિનું રંગભીનું પર્વ

મુંબઈ, તા. ૧૭

પરમશાસન પ્રભાવક જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સમગ્ર મુંબઈનું ધ્યાન આકર્ષતો શાનદાર સુવર્ણપ્રતિષ્ઠામહોત્સવ જ્યાં ઉજવી રહ્યો છે તે ચેમ્બુરતીર્થમાં, રવિવારની ઐતિહાસિક રથયાત્રા તથા અદ્ભુત મહાપૂજા અને સોમવારનો 'આદિશ્વરવન્દના' સ્ટેજ કાર્યક્રમ તથા કુમારપાલ મહાઆરતીના કાર્યક્રમો અત્યંત ભવ્યસ્વરૂપે યોજાતાં બન્ને દિવસો સુવર્ણમહોત્સવના સીમાચિહ્નરૂપ બની ગયા હતા. ર

## ઐતિહાસિક સુવર્ણરથયાત્રામાં પાંચ હજારથી વધુ ભાવિકો



થયાત્રામાં પાંચ હજારથી વધુ ભાવિકો પગપાળા સામેલ હતા, તો 'આદિશ્વરવંદના'માં તીર્થપરિસર ખીચોખીચ છલકાઈ જતાં સેંકડો ભાવિકોને ગેટની બહાર રહેવું પડ્યું

દિવંગત ધર્મસૂરીશ્વરજી મ.ની વિરાટકાય રચનાઓ, અનેક રાસ મંડળીઓ આદિ અઢળક વિશેષતાસભર આ રથયાત્રા નિહાળવા વિવિધ ઉપનગરોના જૈનો-અજૈનો

શુક્રવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૦૬

# જૈન ધર્મને હિન્દુ સંપ્રદાય ગણનારા ઈતિહાસ જાણતા નથી



જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ



જૈનાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ

## હિન્દુ શબ્દ ધર્મવાચક નથી જાતિવાચક છે

# જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજીની રાળપટ્ટીમાં પ્રભાવક ધર્મયાત્રા

મુંબઈ, તા. ૨

એક્સો પાંત્રીસ જિનાલયના પ્રણેતા અને મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદના રાળપટ્ટી જૈન સંઘોના અજોડ ઉપકારી દિવંગત યુગદિવાકર જૈનાચાર્ય ધર્મસૂરિશ્વરજી મહારાજ ધર્મ પરંપરાના યશસ્વી સંવાહક પીઢ પ્રભાવશાળી આચાર્યપ્રવર સૂર્યોદયસૂરિશ્વરજી મહારાજ તથા તેજસ્વીવક્તા યુવાચાર્ય રાજરત્નસૂરિશ્વરજી મહારાજ આદિ વિશાલ શ્રમણ શ્રમણીવૃંદે તા. ૧૭થી ૨૨ દરમ્યાન રાળપટ્ટીના વિવિધ સંઘોમાં પ્રભાવક ધર્મયાત્રા વિચરણ કરતાં દરેક સંઘોમાં સામૈયા વિશાલ મેદની સમક્ષ પ્રવચનધારા સાધર્મિક વાત્સલ્ય તેમ જ બે સંઘોમાં પ્રતિષ્ઠા-જિનાલય જીર્ણોદ્ધારના મંગલ ધર્મકાર્યો યોજ્યા હતા.

## ધર્મધામતીર્થે સામૂહિક ત્રણસો ઓળીના તપસાધના જૈનાચાર્યોની નિશ્રામાં યોજાઈ



સંજાણ નગરે મુનિસુવ્રત જિનાલય પ્રતિષ્ઠાના શાસનપ્રભાવક ઉત્સવ બાદ જૈનાચાર્યો ઉમરગામ પધારતાં વિશાલ ધર્મસભાને સંબોધતા યુવાચાર્યે જણાવ્યું હતું કે દુઃખી પ્રત્યે કરુણાભાવ-જીવમાત્ર પ્રત્યે મૈત્રી ભાવ-ઘરના પ્રત્યે સાક્ષીભાવ અને પ્રભુ પ્રત્યે સમર્પણ ભાવ આત્મસાત કરવો જોઈએ. ત્યાંથી જૈનાચાર્યો બોરડી ... વિશિષ્ટતાઓ હૃદયસ્પર્શી સત્ય ઘટનાઓ સાથે વર્ણવી હતી, તો રત્નસુંદરસૂરિશ્વરજીએ અહિંસામાતા-કરુણામાતા અષ્ટપ્રવચન માતાનું નિરૂપણ કરીને સંયમ મહત્તા દર્શાવી હતી. ત્યાંથી જૈનાચાર્ય ઘોલવડ પધારતા ત્યાં ઊંચી ઉછામણી સાથે જીર્ણોદ્ધાર પ્રારંભ- પ્રવચન- અઢાર અભિષેક વિધાન- ભક્તિ સંધ્યા યોજ...

# રાગ વચ્ચેય વિરાગ એ પ્રભુની અદ્‌ભુત વિશિષ્ટતા છે : રાજરત્નસૂરીશ્વરજી

મુંબઈ, તા. ૩૧

'કમલ જન્મે છે કીચડમાં, વૃદ્ધિ પામે છે જલમાં અને છતાં કમાલ એ છે કે તે કીચડથી જલથી સંપૂર્ણ અલિપ્ત રહેવાની કળા દાખવે છે. ભગવાન તીર્થંકર દેવોના જીવનમાં આ કમલની કમાલકળા જીવંત હોય છે. એટલે જ તેઓ નકાચિત ભોગકર્મવશ લગ્ન કરે ત્યારેય અંતરથી ભોગ વાસનાથી સદંતર અલિપ્ત હોય છે એટલે જ સ્તુતિમાં એમના માટે 'નિજ ભોગકર્મ નિવારવા વિવાહકર્ણ ધારતા' જેવા ઉચ્ચ શબ્દો પ્રદર્શિત કરાયા છે.' એમ પ્રખર શાસનપ્રભાવક જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર તેજસ્વીવક્તા યુવાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજે તા. ૩૧ શનિવારે, મુંબઈના નિકટવર્તી નેશનલ હાઈવેના સૌથી વિરાટ ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થે અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રભુની લગ્નવિધિનું માર્મિક રહસ્ય સમજાવતા જણાવ્યું હતું.

## ધર્મધામતીર્થે ચિક્કાર મેદની વચ્ચે પ્રભુનો લગ્નોત્સવ તથા રાજ્યાભિષેક યોજાયો



# ધર્મધામતીર્થે ઐતિહાસિક અંજન-પ્રતિષ્ઠા મહોત્સવનો શાનદાર પ્રારંભ

મુંબઈ, તા. ૨૪

ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા નાગેશ્વરપાર્શ્વપ્રભુ જ્યાં મૂલનાયક રૂપે વિરાજમાન છે તે ધર્મ-ધામ નાગેશ્વરપાર્શ્વનાથ જૈન તીર્થનો ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠા-વડી દીક્ષા-પાંચસો આયંબિલ તપ સમાપનનો જાજરમાન નવ દિવસીય મહોત્સવ, ધર્મધામતીર્થ પ્રણેતા પીઢ પ્રભાવશાળી જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ ...



ચૌવીશ વિશાલ પ્રતિમાનો મંદિર પ્રવેશ તેમજ કુંભસ્થાપના- અખંડ દીપક માણેક સ્તંભારોપણ, તોરણ- સોળ વિદ્યાદેવી તથા જિનશાસન દેવદેવી સ્થાપન- નંદ્યાવર્તપૂજન આદિ શાસ્ત્રોક્ત વિશુદ્ધ વિધિ વિધાન થશે. આ જ દિવસે નવદીક્ષિત સાધ્વીજી નમનયશાશ્રીજીએ વડીદીક્ષામહોત્સવ થશે. ઉલ્લેખનીય બાબત એ છે કે સળંગ આઠ દિવસના ઉપવાસ કરીને આઠમા દિવસે આ યુવા સાધ્વીજી વડી દીક્ષા સ્વીકારી રહ્યા છે. એક વિશિષ્ટ ઘટનાક્રમરૂપે, ધર્મધામતીર્થના પ્રેરણાસ્ત્રોત તીર્થની નિકટના ગામની હિંદુ પ્રજા માટે ... નિર્માણ કરી આપીને ધાર્મિક ... ઉદાહરણ પેશ કર્યું છે. પ્રતિષ્ઠા અને ગામજમણ ... યોજાશે. આ ઉપરાંત ...

# પ્રખર જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજીના ૬૮મા દીક્ષા વર્ષની શાનદાર ઉજવણી

મુંબઈ, તા. ૧૮

## તા. ૨૦મીએ સવારે ૯ વાગ્યે કાંદિવલી-પૂર્વમાં વિરાટ ગુરુગુણ સંકીર્તન સમારોહ યોજાશે



# કર્મોને બાળે દોષોને ટાળે જીવનને ઉજાળે તે છે નવપદનો તપઃ રાજરત્નસૂરિજી



મુંબઈ, ૨૯

જૈન ધર્મન (છેલ્લા પાનાનું ચાલુ)

# કાંદિવલી-પૂર્વમાં યોજાઈ બે નવયુવાન દીક્ષાર્થીઓની શાનદાર વર્ષીદાન યાત્રા

મુંબઈ, તા. ૧૪

એક્સો પાંત્રીસ જિનાલય પ્રણેતા મુંબઈના લાખો જૈનોના પરમોપકારી યુગદિવાકર જૈનાચાર્ય ધર્મ સૂરીશ્વરજી મહારાજની ધર્મપરંપરાના યશસ્વી સંવાહક પ્રકાંડ વિદ્વાન પ્રખર જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ તથા તેજસ્વી વક્તા યુવાચાર્ય રાજરત્ન સૂરીશ્વરજી મહારાજ આદિ સુવિશાલ શ્રમણ-શ્રમણીવૃંદની વિશ્રામાં, કાંદિવલી-પૂર્વના શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં, ખીલતી યુવાનીમાં સંસારના તમામ ભોગસુખો ... રકમનું દાન કરતા હતા. આ વર્ષીદાનયાત્રા ત્રણ કલાકના અંતે જિનાલયે પરત આવી ત્યારે યુવાનો મન મૂકીને નાચ્યા હતા. એ સમયે ભાવિકોની ભીડને સંબોધતા યુવાચાર્યે જણાવ્યું હતું કે "ભારતભૂમિ ત્યાગની સંસ્કૃતિ ધરાવે છે. અહીં ગૃહિણી પહેલી રોટલી અબોલ પશુને ધરે છે, તો ચાની લારીવાળો દિવસનો પહેલો ચાનો કપ ધરતીમાતાને ધરે છે. એ ભૂમિમાં બબ્બે નવયુવાનો તમામ ભોગો ત્યાગીને દીક્ષા સ્વીકારે ત્યારે એના આવા માન-સન્માન ન થાય તો જ નવાઈ ગણાય." તેમણે અગત્યની એક વાત એ કરી



સોમવાર તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૫

## ધર્મધામતીર્થે પ્રતિષ્ઠાની પૂર્વસંધ્
## પ્રભુભક્તિ અને ભાવોલ્લાસની ચરમ



## નાગેશ્વર તીર્થે સ્થાયી ભક્તિનિધિ માટે ₹ 2.5 કરોડનું દાન અપાયું

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ

જયનાદો- ઘંટનાદો- બેન્ડની ધૂન શિખર પર ધ્વજા

છેલ્લા સાત સુડતાળીશ દિવસથી

## મુંબઈના પ્રવેશદ્વારે નવનિર્મિત ધર્મધામ નાગેશ્વર પાર્શ્વ જૈન તીર્થનો ઐતિહાસિક અંજન-પ્રતિષ્ઠામહોત

મુંબઈ,તા.૧૯

મુંબઈ મહાનગરના પ્રવેશદ્વાર સમા મોકાનાં સ્થાને સાકાર થઈ રહેલ અને મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.૮ પરના તમામ જૈન તીર્થોમાં સૌથી વિરાટ ૧૪ ફુટના કાયોત્સર્ગમુદ્રાના મૂલનાયક જ્યાં વિરાજમાન છે તે ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થનો ઐતિહાસિક અંજનસલાકા-પ્રતિષ્ઠા મહા મહોત્સવ, શાસનજ્યોતિર્ધર યુગદિવાકર ધર્મસૂરીશ્વરજી મ.ની દેહપ્રમાણ પ્રતિમાની પ્રતિષ્ઠા થશે. આલીશાન ત્રિમજલી યાત્રિક ભવન- ત્રિમજલી સાધર્મિક ભવન અને બબ્બે દ્વિમજલી ભવ્ય ઉપાશ્રયો ધરાવતા આ તીર્થમાં આગામી સમયમાં સમૃદ્ધ જ્ઞાનભંડાર ઉપરાંત ધર્મસૂરીશ્વરજી મહારાજનું જીવન-કવન દર્શાવતા જીવનદર્શન હોલ (આર્ટ ગેલેરી)નું પણ મહત્ત્વાકાંક્ષી નિર્માણ હાથ

આ મહોત્સવ માટે ભારતભરના જૈ અત્યંત આકર્ષક આમન્ત્રણ પત્રિક કરાયું છે. સંઘોના ઉચ્ચ પદાધિ ટોચના દાનવીરો અને ઉપનગરોમ બસો દ્વારા ભાવિકો આ પાવન માણવા ઉપસ્થિત થશે. આ માટે આવાસવ્યવસ્થા ઉપરાંત કલ્યાણ માટે અદ્ભુત નયનરમ્ય વારાણસી અને ભરતચક્રવતી ભોજનાલયમાં

થઈ રહ્યા છે. તીર્થ સંકુલમાં ...

તીર્થના ઉદ્ગમકેન્દ્ર અને તીર્થનું નામકરણ જેમના ઉપલક્ષ્યમાં થયું છે તે સમર્થ સંઘનાયક આ.ધર્મસૂરીશ્વરજી મહારાજની માહિતી આપતા યુવાચાર્યે ...

## શ્રી ધર્મધામ- નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ
## અદ્ભુત તીર્થનિર્માણ અને પ્રભાવશાળી પરમાત્મા !!

## ધર્મધામ તીર્થે પરમાત્માનું દિવ્ય અંજનશલાકા વિધાન
## જિનેશ્વરોના કલ્યાણકો સમગ્ર વિશ્વનું કલ્યાણ કરે

## ધર્મધામતીર્થે પ્રતિષ્ઠાની પૂર્વસં
## પ્રભુભક્તિ અને ભાવોલ્લાસની ચર

## પ્રચંડ ઉલ્લાસથી ઉજવાતો નાગેશ્વર પાર્શ્વતીર્થનો ઐતિહાસિક અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ

## ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વ તીર્થે ૪૭ દિવસીય ઉપધાનતપનો ભવ્ય પ્રારંભ



મુંબઈ,તા.૧૩

નેશનલહાઈવેનાસૌથીવિરાટ૧૪ફુટ ઉત્તુંગનાગેશ્વર પાર્શ્વપ્રભુ જ્યાં વિરાજમાન છે તે ધર્મધામ તીર્થે, તીર્થપ્રેરક પરમશાસનપ્રભાવક જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ થા તેજસ્વી વક્તા યુવાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજના સાન્નિધ્યમાં, સાત દિવસીય શાનદાર છ'રી'પાલક પદયાત્રાસંઘનો તીર્થ માળ સમારોહ યોજાતાં તેમાં ભાવિકો ઉમટી પડ્યા હતા. આ સમારોહમાં વિશાલ જીવદયા ફંડ તથા અનુકંપા દાનનું વિશેષ આયોજન પણ થયું હતું.

ઉપધાન તપ સાધનાનો પ્રારંભ થતાં, તેમાં બાળકો-યુવાનો અને પ્રૌઢ ભાવિકો ઉલ્લાસભેર સામેલ થયા હતા. એક મહત્ત્વની ઘટનારૂપે અમેરિકાથી ખાસ આવેલ એંશી વર્ષીય ભાવિક સુડતાળીશ દિવસના આ કઠિન તપ-જપમય અનુષ્ઠાનમાં જોડાતાં સહુ સુખદ આશ્ચર્ય પામ્યા હતા. પ્રવેશ પ્રસંગે જૈનાચાર્યે સરસ હિતશિક્ષા આપી હતી કે 'તપ આપણી શક્તિથી નહિ, પ્રભુની કૃપાથી થાય છે આવું અંતઃકરણથી માનશો તો એક પણ તબક્કે તપ મુશ્કેલ નહિ લાગે' આગામી પોષ દશમી પર્વ નિમિત્તે ધર્મધામ તીર્થે સામૂહિક અટ્ઠમ તપનું આયોજન થતાં તેમાં બસોથી વધુ આરાધકો જોડાશે. તા.૧૬-૧૭-૧૮ દરમ્યાન સ્ટાર સંગીતકાર નીલેશ રાણાવતના સંગે વિશિષ્ટ ભક્તિઅનુષ્ઠાનો થશે. એકસાથે ત્રણ ત્રણ કાર્યોત્સર્ગમુદ્રાના નીલવર્ણા વિરાટ પાર્શ્વપ્રભુ આ તીર્થમાં હોવાથી પાર્શ્વનાથના ધામરૂપે તીર્થની ખ્યાતિ દિન-પ્રતિદિન વધી રહી છે.

## મુંબઈના પ્રવેશદ્વારે નિર્મિત ભવ્ય યાત્રાધામ ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ અને તેના પ્રણેતા પ્રભાવક જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મ.

મુંબઈ- અમદાવાદ નેશનલ હાઈવે પર દહિસર ચેકનાકાથી અમદાવાદ તરફ લગભગ ૫૮ કિ.મી. ના અંતરે નિર્માણ પામેલ હાઈવેટચ અદભુત યાત્રાધામ એટલે ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ. મુંબઈ અને અન્યત્ર મળી કુલ ૧૩૫ જિનમંદિરોના નિર્માણ કરાવનાર મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર આચાર્યપ્રવર ધર્મસૂરીશ્વરજી મહારાજની પુણ્યસ્મૃતિરૂપે આ તીર્થનું સર્જન થયું હોવાથી તેનું નામાંકન કરાયું છે ધર્મધામ અને મહાપ્રભાવશાળી શ્રી નાગેશ્વર પાર્શ્વપ્રભુ ત્યાં મૂલનાયકરૂપે વિરાજતા હોવાથી તે કહેવાય છે નાગેશ્વરપાર્શ્વ જૈન તીર્થ. ધર્મસૂરીશ્વરજી મ. ની ધર્મપરંપરાના યશસ્વી સંવાહક પ્રખર શાસનપ્રભાવક પ્રકાંડ વિદ્વાન વરિષ્ઠ જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ આ તીર્થના પ્રેરક પ્રણેતા અને પ્રતિષ્ઠાકારક છે.



બબ્બે વાર ઉપધાનતપ આ તીર્થમાં કરીને સદગતિનું ...

વિ. સં. ૨૦૭૧ ના મહા શુદિ છઠથી પૂનમ દર... અંજનશલાકા-પ્રતિષ્ઠા- ઉપધાન તપમાળારોપણ ... તીર્થની યાદગાર પ્રતિષ્ઠા કરાવનાર પ્રતિષ્ઠાચાર્ય ... સૂરીશ્વરજી મહારાજ સાંપ્રત સમયના જૈન શાસન... હતા. ચોર્યાશી વર્ષનું કુલ આયુષ્ય, અડસઠ વર્ષનો ... સંસ્કૃત વ્યાકરણ-સાહિત્ય-ન્યાય-કર્મગ્રન્થો -કર્મપ્ર... જૈન આગમો આદિનો ઊંડાણભર્યો જ્ઞાનબોધ ... જૈનાચાર્ય તેમના જીવનશિલ્પી યુગદિવાકર ...

ભૂમિથી કુલ ૧૧૧ ફૂટ ઉત્તુંગ મધ્ય શિખર, અન્ય બે ભવ્ય શિખરો, એકસાથે નવસોથી વધુ ભાવિકો ભક્તિ કરી શકે તેવો વિરાટ રંગમંડપ, ભવ્ય ...

## નાગેશ્વર તીર્થના પદયાત્રા સંઘનો કાંદિવલીથી શાનદાર પ્રારંભ





તમે સૂરજ થઈને ચમક્યા

આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા

# અંધેરીથી પાલખી નીકળી ભાયંદર બાવન જિનાલયમાં અંતિમ સંસ્કાર

મુંબઈ, તા.૫

તપાગચ્છ જૈન સંઘના ૮૪ વર્ષીય આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિશ્વરજી મહારાજ સાહેબ શુક્રવારે સાંજે ૫:૩૭ કલાકે કાળધર્મ પામ્યા હતાં. બ્રેઈન સ્ટ્રોકને કારણે તેમને અહીં છેલ્લા ૧૪ દિવસથી દાખલ કરવામાં આવ્યા હતાં. મ.સા કાળધર્મ પામ્યાની વાત વાયુવેગે પ્રસરી જતાં જૈન સમાજમાં ગ્લાની ફેલાઈ ગઈ હતી અને તેમના અંતિમ દર્શન કરવા માટે અંધેરીની કોકિલાબેન હોસ્પિટલમાં અગ્રણીઓ, તેમના ગુરુભાઈઓ, પટ્ટ શિષ્યો અને જૈન ભાઈઓએ દોટ લગાવી હતી. મનોરના ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થના ટ્રસ્ટી રમેશભાઈ શાહે આ અંગે 'સંદેશ'ને માહિતી આપતા જણાવ્યું હતું કે મોડી રાત્રે મ.સાના નશ્વર દેહને અંતિમ દર્શન માટે અંધેરી(પ)ના ચંદ્રપ્રભુ સ્વામી દેરાસર શાંતાવાડીમાં લઈ જવામાં આવ્યો હતો. અહીંથી આવતીકાલે સવારે આઠ વાગ્યે તેમની પાલખી

### મહારાજ સાહેબ તરીકેનાં કાર્યો



૬૮ વર્ષની તેમની ધાર્મિક સફર દરમિયાન આચાર્યશ્રીએ ૫૦થી વધુ દેરાસર, ૩૦ જેટલા ઉપાશ્રય, ૨૭ અંજનશલાકા અને ૭૫થી વધુ પ્રતિષ્ઠા તેમ જ પાં-જરાપોળ બનાવી છે. છેલ્લે તેમણે મનોરમાં ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ બનાવ્યું હતું. આમ નાનપણથી જ જૈન ધર્મના સંસ્કારને તેઓ ઉજાગર કરતા હતાં. કોલકત્તા યુનિવર્સિટી દ્વારા તેમને વ્યાકરણ સાહિત્ય ન્યાયતીર્થની માનદ્ પદવી પણ આપવામાં આવી હતી. મહારાજ સાહેબને બ્રેઇનસ્ટ્રોક

---

Jagran
મુંબઈ, રવિવાર, ૭ જૂન ૨૦૧૫, ૩૬ પાનાં, ₹ ૫.૦૦
gujaratimidday.com
101% ચટાકો

# મિડ-ડે

ભારત અને બંગલાદેશના નકશા હવે બદલાશે



# ગુરુભક્તિનો આ લાભ ૧ કરોડ ૮ લાખ રૂપિયાનો

જૈન આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજસાહેબની ૨૯ કિલોમીટરની ઐતિહાસિક પાલખીયાત્રામાં એક લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યાં : કુલ પાંચ કરોડ રૂપિયાની ઉછામણી



ગઈ કાલે ભાઈંદરના બાવન જિનાલયમાં આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજસાહેબને આચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજસાહેબ અને આચાર્ય જયશેખરસૂરીશ્વરજી મહારાજસાહેબની હાજરીમાં અગ્નિદાહ આપતા વિપુલ શાહ.

રિપોર્ટ માટે જુઓ પાનું ૪

---

# જૈનાચાર્ય સૂર્યોદયસૂરિશ્વરજીનો કાળધર્મ

મુંબઈ,તા.૫

છેલ્લાં તેર દિવસથી મુંબઈની ખાનગી હોસ્પિટલમાં 'બ્રેઈન સ્ટ્રોક'ની બીમારી સામે ઝઝૂમી રહેલા વરિષ્ઠ જૈનાચાર્ય સૂર્યોદયસૂરિશ્વરજી મહારાજનું આજે સાંજે કાળધર્મ પામતા જૈન શાસનનો ઝળહળતો સૂર્ય અસ્ત પામ્યો હતો.

## આજે અંધેરીથી સમાધિયાત્રા નીકળશે : ભાયંદર બાવન જિનાલયમાં એમના અંતિમ સંસ્કાર કરાશે

જૈનાચાર્યનો પાર્થિવદેહ અંધેરીમાં ચન્દ્રપ્રભસ્વામી જૈન સંઘ-શાતાવાડીમાં અંતિમ દર્શનાર્થે મુકાતાં ચિક્કાર માનવમેદની દર્શનાર્થે ઊમટી પડી હતી. તેમની અંતિમ સમાધિયાત્રા શનિવારે સવારે ૭.૩૦ વાગે અંધેરીથી શરૂ થશે. ૨૯ કિ.મી. લાંબી આ સમાધિયાત્રા પગપાળા ભાયંદરના બાવન જિનાલય સંઘ પરિસરમાં પુરી થશે.

તેર દિવસ પહેલા મહારાજ સાહેબને વસઈમાં બ્રેઈનસ્ટ્રોકનો હુમલો આવેલો. પહેલા એમને સ્થાનિ હોસ્પિટલમાં અને પછી અંધેરીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. એ માંદગીમાથી ઝટ ઉભા થાય એ માટે તપ-જાપ અને ઉપવાસ શરૂ કર્યા હતાં. બે દિવસ પહેલા એમની તબિયતમાં સુધારો



સૂર્યોદયસૂરિશ્વરજી મહારાજ

જીવનયાત્રા છઠ્ઠે પાને

પણ જણાયો હતો, પણ ગઈકાલે એમની સ્થિતિ ફરીથી લથડી હતી.

જૈનાચાર્યના ઉત્તરાધિકારી અને પટ્ટ શિષ્ય આચાર્ય રાજરત્નસૂરિશ્વરજી મહારાજે વિશેષ માહિતી આપતાં જણાવ્યું હતું કે દિવંગત જૈનાચાર્યના ઉત્તમ આરાધકભાવનું પરિણામ એ આવ્યું હતું કે તેર દિવસની અંતિમ માંદગીમાં તેમની પ્રસન્નતા અને પ્રશસ્ય પરિણતિ અખંડ રહી હતી અને છેલ્લી ક્ષણ સુધી તેમની ... દિવ્ય તેજ... હતું. જૈના... પરિણતિને ... ભાયંદરની ... પાલખીયાત્રા ... (અનુ...

સામેલ થશે. પાલખીયાત્રા માટે પચીસસોકિલો ગુલાલ અને ઠેરઠેર પાણીપરબોની વ્યવસ્થા કરાઈ છે. અંતિમયાત્રા અંધેરી એસ.વી.રોડથી આગળ વધતાં જોગેશ્વરી-ગોરેગામ-મલાડ-કાંદિવલી-બોરીવલી-દહિસર-ચેકનાકા કાશીમીરા થઈને આઠેક વાગે બાવન જિનાલય તીર્થ પરિસરમાં પહોંચશે. ત્યાં પ્રચંડ માનવમહેરામણની ઉપસ્થિતિમાં અને મુંબઈના તમામ જૈન સંઘોના અગ્રણીઓની હાજરી વચ્ચે અંતિમ સંસ્કારની મુખ્ય ઉછામણીનો આદેશ અપાશે. માર્ગના દરેક ઉપનગરોના પોઈન્ટ પર જૈન ભાવિકો અંતિમ પાલખીયાત્રાના અક્ષત-રૂપાનાણાંથી વધામણાં કરશે.

એક અજબ યોગાનુયોગ એ સર્જાયો છે કે જૈનાચાર્યે આજથી પચાસ વર્ષો પૂર્વે જીવનના સર્વપ્રથમ ઉપાશ્રયનું નિર્માણ જ્યાં કરાવ્યું હતું કે અંધેરી-શાંતાવાડીસંઘથી તેમની અંતિમયાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે અને 'બ્રેઈન સ્ટ્રોક'નો માત્ર એક સપ્તાહ પૂર્વે જીવનના અંતિમ પાશ્રયનું નિર્માણ જ્યાં કરાવ્યું હતું તે ભાયંદર-બાવન જિનાલય સંઘમાં તેમની અંતિમયાત્રા પૂર્ણાહુતિ અને અંતિમ સમાધિ સર્જાશે.

જૈનાચાર્ય સૂર્યોદયસૂરિશ્વરજી મહારાજ ચોર્યાશી વર્ષની વય અને અડસઠ વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય ધરાવતા હતા. તેમના જીવન શિલ્પી દિવંગત શાસન જ્યોતિર્ધર ધર્મસૂરિશ્વરજી મહારાજની 'ધર્મ' પરંપરાનો વારસો તેઓએ સંપૂર્ણ યશસ્વી

રીતે દીપ... સમુદાયમાં... શિષ્યો સાથે... એકસો પુસ્... પ્રતિષ્ઠાઓ... નિર્માણો ત... સાર્વજનિક ... વર્તમાન જૈન... મહાપ્રભાવક ... તેઓની પ્રતિભ... નીખરી હતી. ... છે કે ધર્મસૂરી... એકવીસ કિલો... ચેમ્બુરતીર્થ એમ...

---

(છેલ્લાં પાનાનું ચાલું)

પાંજરાપોળમાં ગુરુમંદિરની જાહેરાત કરી હતી.

અંતિમસંસ્કારનો વિરાટ કાર્યક્રમ આચાર્ય જગવલ્લભસૂરીશ્વરજી-જયશેખરસૂરીશ્વરજી-રાજરત્નસૂરીશ્વરજી-ચન્દ્રકીર્તિસૂરીશ્વરજી-હર્ષવલ્લભસૂરીશ્વરજીના સાન્નિધ્યમાં યોજાયો હતો. અંતિમ સંસ્કાર પૂર્વે એકસો સાધ્વીજીઓ - આચાર્ય પુણ્યપાલસૂરીશ્વરજીના શિષ્યો વગેરેએ અંતિમ દર્શનનો લાભ લીધો હતો. તે પછી જીવદયા ફંડ થતા લગભગ ... વધુ રકમ ...

... વ્યક્ત કર્યો હતો. ... આ સૌથી વિરાટ પગપાળા પાલખીયાત્રા જૈન શાસનના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાય તેવી બની હતી.

---

૧૨ ગુજરાત સમાચાર — મુંબઈ



## જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મ.ની ૨૯ કિ.મી.ની પ... પાલખી યાત્રા : ભાયંદરમાં માનવસાગર ઊ...

કુલ પાંચ કરોડ રૂ.ની ઊપજ, ચાર સ્થળે ગુરુમંદિરો બનશે, ચાલીસ... ગુરુપર્વમહોત્સવ, સવા લાખથી વધુ ભાવિકોએ અંતિમયાત્રાનો લાભ...

---

# બોરીવલીમાં જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનો ભવ્ય ગુરુપર્વોત્સવ ઉજવાયો

મુંબઈ, તા. ૨૦

...કસો પાંત્રીસ જિનમંદિરપ્રણેતા યુગદિવાકર ...ર્ય ધર્મસૂરીશ્વરજી મહારાજની 'ધર્મ' પરંપરાના ... સંવાહક અને અનેક જિનાલયો-ઉપાશ્રયોના ... પરમશાસનપ્રભાવક જૈનાચાર્ય ...સૂરીશ્વરજી મહારાજના તાજેતરમાં થયેલ ... નિમિત્તે, મુંબઈ વગેરે એકાવન સંઘોમાં ... રહેલ મહોત્સવોની હારમાળામાં, ...ના મુખ્ય ધર્મકેન્દ્ર જામલીગલી સંઘ-કાર્ટરરોડ ...ગીતાંજલિ સંઘમાં જૈનાચાર્યના શિષ્યવૃંદના ...માં તા. ૧૮-૧૯-૨૦ દરમિયાન ...વો ભવ્ય સ્વરૂપે ઉજવાયા હતા.

જૈનાચાર્યના પટ્ટશિષ્ય તેજસ્વી વક્તા ...રત્ન સૂરીશ્વરજી મહારાજે તા. ૨૦ ને ...મલીગલી સંઘની ગુણાનુવાદ સભામાં ...ને સંબોધતાં જણાવ્યું હતું કે, "ભૌતિક ... માટે પુરુષાર્થ કરતાં પુણ્ય વધુ અસરકારક પરિબળ બને છે, એમ અધ્યાત્મક્ષેત્રે સફળતા માટે પુરુષાર્થ કરતાં કૃપા વધુ અસરકારક પરિબળ બને છે. ગુરુ કૃપાથી વિષયત્યાગ-તત્ત્વસંવેદન અને સહજ અવસ્થા જેવી ત્રણ અત્યંત દુર્લભ બાબતો



સંભાળે છે.' ગુરુહૈયે એમનું સ્થાન કેવું અજોડ હતું તે આ શબ્દો સમજાવે છે. જૈન શાસ્ત્રો કહે છે કે તે શિષ્ય ધન્ય છે જેનાં અંતરમાં ગુરુ વસે છે, પરંતુ એ શિષ્ય ધન્યાતિધન્ય છે જે સ્વયં ગુરુહૈયે વસે છે."

જામલીગલી સંઘમાં ચાતુર્માસસ્થિત મુનિ જગતશેખરવિજયજી તથા જૈનાચાર્યના શિષ્યો મુનિ આગમરત્ન વિજયજી-પ્રશમરત્નવિજયજીએ ક્રમશઃ ગુજરાતી તથા ઈંગ્લિશમાં ગુણાનુવાદ કર્યા હતા, તો ...

03 | મિડ-ડે **નગર-ખબર**

શનિવાર, ૬ જૂન ૨૦૧૫, મુંબઈ. www.gujaratimidday.com

## જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજસાહેબ ૧૬ નિષ્ફળ પ્રયત્નો પછી સત્તરમી વખત ભાગીને દીક્ષા લેવામાં સફળ



**ધર્મસૂરીશ્વરજી મહારાજસાહેબની પાલખી ૨૧ કિલોમીટરની**

**સૂર્યોદયસૂરીશ્વરજી** મહારાજસાહેબના ગુરુ ધર્મસૂરીશ્વરજી મહારાજસાહેબની પાલખીયાત્રા મુંબઈથી ચેમ્બુર તીર્થ સુધી નીકળી હતી. ૨૧ કિલોમીટરની આ પાલખીયાત્રા પછી ચેમ્બુર તીર્થ...

**૨૯ કિલોમીટરની પાલખીયાત્રા**

પહેલે પાનેથી ચાલુ

**સૌથી પહેલા ઉપાશ્રયનું નિર્માણ શાંતાવાડી અને અંતિમ બાવન જિનાલય**

**એક** અજબ યોગાનુયોગ આજની પાલખીયાત્રાનો એ છે કે આચાર્ય...

---

## ગુણોનું સર્જન, દોષોનું વિસર્જન અને શુભનું સંરક્ષણ કરે તે છે ગુરુઃ રાજરત્નસૂરીશ્વરજી

મુંબઈ, તા. ૨૮

"જૈન અને અજૈન ગ્રંથોમાં ગુરુતત્ત્વનો મહિમા દર્શાવતા એકેકથી ચડિયાતા અનેક શ્લોકો છે. પરંતુ તેમાં 'ગુરુ બ્રહ્મા' શ્લોક ખૂબ પ્રસિદ્ધ છે. એમાં ગુરુને બ્રહ્મા-વિષ્ણુ-મહેશરૂપે દર્શાવાય છે. બ્રહ્મા સર્જનનું, મહેશ વિસર્જનનું અને વિષ્ણુ રક્ષણનું પ્રતિક છે.

### નવા ત્રણ ગુરુમંદિર નિર્ણયો સાથે સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનાં કુલ ૧૪ ગુરુમંદિરો થશે

અમે કહીએ છીએ કે ગુરુ ગુણોનું સર્જન, દોષોનું વિસર્જન અને શુભનું સંરક્ષણ પરાકાષ્ઠાના સ્તરે કરતા હોવાથી એ અપેક્ષાએ એમની બ્રહ્મા-વિષ્ણુ-મહેશ સાથે સરખામણી પ્રસ્તુત બની રહે તેવી છે. એક નક્કર વાસ્તવિકતા એ છે કે ગુરુસે સચ્ચે ઔર ગુરુસે અચ્છે કોઈ દોસ્ત નહિં હૈ કિ જો શિષ્ય કે દોષોકો જમીનદોસ્ત કરે..." એમ અં...



પ્રેરક જીવન પ્રસંગો વર્ણવ્યા હતા. મુનિ આગમરત્નવિજયજી અને પ્રશમરત્નવિજયજીએ ક્રમશઃ ગુજરાતી તથા ઈંગ્લીશમાં ગુણાનુવાદ કર્યા હતા, તો સંઘના અગ્રણીઓ સંજય વોરા કાંતિલાલ દોશી- રસિકભાઈ મારૂએ ગુરુદેવના સંઘ પરના ઉપકારો વર્ણવ્યા હતા.

એક અગત્યની ઘટનાક્રમરૂપે સંઘ... બબ્બે ... પ્રતિષ્ઠામહો... ...

---

## સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની ગોવાલિયા ટેંકમાં ભવ્ય ગુણાનુવાદ સભા યોજાઈ

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ



શહેરના ઓગસ્ટ ક્રાંતિ માર્ગ પરના પંચશિખરીય ભવ્ય શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય- ઉપાશ્રયમાં મુંબઈના અગ્રેસર ગોવાલીયાટેંક જૈન સંઘના ઉપક્રમે, પરમ શાસન પ્રભાવક દિવંગત જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની વિશાલ ગુણાનુવાદ સભા તા. 15 ...વારે સવારે યોજાતાં ભાવિક ઊમટ્યા હતા. બરાબર 7.30 કલા... આરંભાયેલ ગુણાનુવાદ સભા... સંબોધતાં જૈનાચાર્યના પટ્ટધર તેજસ્... વકતા યુવાચાર્ય રાજરત્નસૂરીશ્વર... મહારાજે જણાવ્યું હતું "ગુણવત્તાની દૃષ્ટિએ પરમાત્મતત્... બેશક સૌથી શ્રેષ્ઠ છે, તો પ્રત્ય... ઉપકારોની દૃષ્ટિએ ગુરુતત્ત્વ બેશ... સૌથી મહાન છે. ભગવાન અ... ધર્મની સાધકના જીવનમાં પ્રતિ... કરનાર માત્ર ગુરુતત્ત્વ જ છે.

સાધકના કઠિન-મલિન દોષો... વિસર્જન દ્વારા ગુરુ એના ઉદ્ધાર...

---

<u>મુંબઈના જૈન સંઘોના ઉપક્રમે</u>

## ભાયંદરમાં સૂર્યોદય સૂરીશ્વરજીની રવિવારે વિરાટ ગુણાનુવાદ સભા

મુંબઈ, તા. ૧૧

સમસ્ત મુંબઈ જૈન સંઘોના ઉપક્રમે મુંબઈના લાખો જૈનોના અજોડ ઉપકારી પરમશાસન પ્રભાવક જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વર મહારાજની વિરાટ ગુણાનુવાદ મહાસભા તા. ૧૪મીને રવિવારે ભાયંદર- બાવન જિનાલય તીર્થે સવારે ૯ કલાકે યોજાશે.

### સભામાં બે નૂતન ગુરૂમંદિરો સાથે કુલ છ ગુરુમંદિરોનાં નિર્માણોની જાહેરાત થશે



જૈનાચાર્યના પટ્ટશિષ્ય આચાર્ય રાજરત્ન સૂરીશ્વરે મહારાજે જણાવ્યું હતું કે, ૨૯ કિ.મી.ની રેકર્ડરૂપ દીર્ઘ પગપાળા પાલખીયાત્રાના અંતે જૈનાચાર્યની અંતિમસમાધિ બાવન જિનાલય- ભાયંદર સંઘમાં થઈ હોવાથી તમામ સંઘોની સંયુક્ત ગુણાનુવાદ મહાસભા ભાયંદરમાં યોજાઈ છે. આ મહાસભામાં મુંબઈના વાલકેશ્વરથી વસઈ સુધીના સંઘો ઉપરાંત ગુજરાતના ડભોઈતીર્થ- વડોદરા- અમદાવાદ વગેરે સ્થળોના સંઘો પણ ઉપસ્થિત રહેશે અને આચાર્ય ચન્દ્રસેન સૂરીશ્વરજી, લલિતસેન સૂરીશ્વરજી, કલાપૂર્ણ સૂરીશ્વરજી વગેરે પધારશે.

પૂ. આ. શ્રી રાજરત્ન સૂરીશ્વર મહારાજ આ સભામાં જૈનાચાર્યના જીવનના અનેક પ્રેરક પ્રસંગો પ્રસ્તુતકરશે. તેઓના શિષ્ય-પ્રશિષ્યો વિવિધ ભાષાઓમાં જૈનાચાર્યનું જીવન-કવન રજૂ કરશે. જૈન સમાજના પ્રવક્તા સંજયભાઈ વખારિયા તેઓનો મહિમા વિવિધ તબક્કામાં પ્રસ્તુત કરશે. આ સભામાં બે નૂતન ગુરૂમંદિરો સાથે કુલ છ ગુરૂમંદિરોનાં નિર્માણોની જાહેરાત થશે. ભાયંદરમાં શાંતિસ્નાત્ર વિધાન સહિત પંચદિવસીય મહોત્સવ ઉજવાશે બાદમાં મુંબઈના ૪૦ જૈન સંઘોમાં અલગ અલગ દિવસોમાં ૫૧ મહોત્સવો ઉજવાશે.

---

દે઼રા. તા. ૧૫/૬/૧૫ મૃત્યુલોકમાં લાવે તે મા... મુક્તિલોકમાં લઈ જાય તે ગુરુમા : રાજરત્નસૂરિજી

## સૂર્યોદયસૂરીશ્વરજીની વિરાટ શ્રદ્ધાંજલિ સભા

- કુલ નવ ગુરુમંદિરો જાહેર થયાં : વરસાદ છતાં ચિક્કાર મેદની



'દરેક વ્યક્તિનાં જીવનનો પ્રથમ ઉપકારી 'મા' છે. 'મા'નાં કારણે જ વ્યક્તિ આ લોકમાં પદાર્પણ કરી શકે છે અને પ્રારંભિક ઘડતર પામી શકે છે. પરંતુ ગુરુ એક એવું તત્વ છે કે જે વ્યક્તિને અધ્યાત્મના માર્ગે લઈ...

...હતી. સભામાં ગુરુ પૂજનની ઉછામણી બોલાતા માતબર રકમમાં તેનો લાભ પાર્શ્વ પરિવારે લીધો હતો. જૈનાચાર્યના જીવન તથા કાળધર્મને અત્યંત અસરકારક રીતે રજૂ કરતા 'સાર્થનાથો'ના અંકનો વિમોચન વિધિ વિવિધ સંઘોના અગ્રણીઓના હસ્તે થયો હતો. જૈનાચાર્યની અંતિમ માંદગી દરમ્યાન, હૉસ્પિટલમાં સતત તેર રાત-દિવસ સેવા આપનાર અને ૨૯ કિલોમીટરની ઐતિહાસિક પગપાળા પાલખીયાત્રાની...

---

## ગોડીજી સંઘમાં સૂર્યોદયસૂરીશ્વરજી મ.ના પચાસમા ગુરુપર્વોત્સવની ભવ્ય ઉજવણી

મુંબઈ, તા. ૧૯

લાખો જૈનોના અજોડ આસ્થા કેન્દ્ર ૨૦૦ વર્ષથી વધુ પ્રાચીન ગોડીજી જૈન મંદિરના વિજયદેવસૂરીય જૈન સંઘના ઉપક્રમે જૈનાચાર્ય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ સાહેબના કાળધર્મ નિમિત્તે, ઠેરઠેર ઉજવાયેલ ગુરુપર્વોત્સવો પૈકી પચાસમાં મહોત્સવની પચાસમી ભવ્ય ગુણાનુવાદસભા રવિવારે યોજાતા ગોડીજી સંઘના ટ્રસ્ટીગણ સહિત ચિક્કાર ભાવિકો ઉમટ્યા હતા. આ જ સમારોહમાં, જૈનાચાર્યના પટ્ટધર તેજસ્વી વક્તા યુવાચાર્ય રાજરત્નસૂરીશ્વરજી મહારાજના સંપૂર્ણ માર્ગદર્શન સંશોધનથી તૈયાર થઈ રહેલ 'ગોડીજી ગૌરવગાથા' ગ્રન્થનો શાનદાર ઉદ્‌ઘાટન સમારોહ ભાદરવા વદી સાતમ રવિવારે યોજવાની જીવનપ્રસંગો દ્વારા દર્શાવીને માર્મિક શબ્દો કહ્યા હતા કે, 'ગુરુસમર્પણની પૂર્વદિશામાંથી ઉદય પામીને આ સૂર્યોદયે જબરદસ્ત ધર્મ-પ્રતાપ પેલાવ્યો હતો. આચાર્ય લલિતસેન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં યોજાયેલ આ ધર્મસભાને કુલ છ ગુરુભગવંતોએ સંબોધી હતી. જેમાં મુનિ અક્ષયરત્ન વિજયજી અને પ્રશમરત્નવિજયજીએ ક્રમશઃ સંસ્કૃત તથા ઈંગ્લિશ પ્રવચનો આપતાં સભા મંત્રમુગ્ધ થઈ ગઈ હતી. ગોડીજીસંઘે આગામી ચાતુર્માસ માટે યુવાચાર્યને આગ્રહભરી વિનંતી કરી હતી.

ગોડીજી સંઘના ટ્રસ્ટીઓએ પણ ગુરુગુણાનુવાદ કર્યા હતા. આ જ સભામાં, ઠાકુરદ્વાર-શાંતિનાથ દેરાસરે ગુરુમંદિર જાહેર થતાં હવે કુલ અઢાર ગુરુમંદિરોનો નિર્ણય થયાનું યુવાચાર્યે જણાવ્યું હતું. છેલ્લો...



ગુજરાત સમાચાર

૧૫-૦૬-૨૦૧૫, સોમવાર 3

ધર્મલોક & અગમ નિગમ

અભિનવ 'સૂર્યોદય' : પ્રૌઢ પ્રભાવશાળી

અસ્ત પછી પણ સતત પ્રકાશ પાથરતો

# જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

ગુરુતત્ત્વનો મહિમા મુક્ત કંઠે ગાતી આપણી ભારતીય સંસ્કૃતિમાં સંસ્કૃત શ્લોકોથી લઈને શાયરી સુધી અને શાસ્ત્રચિંતનોથી લઈને સુવાક્યો સુધી ગુરુતત્ત્વની ગરિમા વ્યક્ત થતી રહે છે. આવી અભિવ્યક્તિ કરતી એક શાયરી આજની ક્ષણે અમને યાદ આવે છે કે :-

અમૃતની અંજલિ

-આચાર્ય વિજયરાજરત્નસૂરિ

(જુઓ પાના નંબર ૭)

ગુજરાત સમાચાર

દિવ્યલોક & અગમ નિગમ

૨૯-૦૬-૨૦૧૫, સોમવાર 3

# આવા ગુરુ કિંમતથી નહિ, કિસ્મતથી મળે છે !!

**જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ :**

માત્ર જૈન ભક્તિસાહિત્યે જ નહિ, કિંતુ સમગ્ર ગુર્જર સાહિત્યે જેમનાં પ્રદાનની ગૌરવભરી નોંધ લેવી પડે એવા એક મહાન જૈન કવિવર એટલે પંડિત વીરવિજયજી મહારાજ. આજથી ૧૬૧ વર્ષ પૂર્વે દિવંગત થયેલ એ સાધુપુરુષે અમદાવાદનાં આંગણે વિશેષ સ્થિરતા કરીને સ્નાત્ર-અનેકાનેક પૂજાઓ-ઢાળો-સ્તવનો આદિ ભક્તિસાહિત્યનું એવું સશક્ત સર્જન કર્યું કે આજે પણ એમની કૃતિઓ લોકકંઠે અમર છે. જૈન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે સ્થાન પામી ચૂકેલ એ મુનિપુંગવે પોતાના જીવનશિલ્પી ગુરુદેવ પંડિત શુભવિજયજી મહારાજ માટે આપણાં હૃદયને અપીલ કરી જાય તેવી સંવેદનામઢી કડી રચી છે. કૃતજ્ઞતાથી છલકાતી એ કડી આ છે કે :-

શ્રી શુભવિજયગુરુ નમું, માત-પિતા સમ જેહ;<br>
બાળપણે બતલાવીયો, આગમરયણ અછેહ.

આજની ક્ષણે અમને લાગે છે કે આ કડીમાં અમારા જ મનોભાવો પ્રતિબિંબિત થાય છે. જો કામચલાઉ રીતે એની પ્રથમ પંક્તિમાં 'શ્રી સૂર્યોદયગુરુ નમું' આ ફેરફાર કરી દેવાય તો આ કડી અક્ષરશઃ અમારા જ હૃદયભાવોનું શબ્દસ્વરૂપ બની રહે. કારણ કે અમારા તારક ગુરુદેવ પૂજ્યપ્રવર પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. સૂર્યોદયસૂરીશ્વરજીમહારાજ અમારા માટે ખરેખર માતા-પિતા, અરે! એથી ય આગળ વધીને જીવનસર્વસ્વ હતા. નવ વર્ષની બાલવયથી પ્રૌઢાવસ્થા સુધીની જીવનયાત્રા એમની છાયામાં વિતાવી છે, તો અબુધ બાલમુનિથી આજ સુધીની સફર અમે માત્ર ને માત્ર એમની આંગળી પકડીને કરી છે. ક્રૂર કાળે હવે એ શિરછત્ર અમારી પાસેથી ઝૂંટવી લીધું છે. હૃદયને સાન્ત્વન માટે આ વિભાગમાં એમના માટે લખાઈ રહેલ લેખોમાં હવે આજથી, અંતિમ બે લેખ એવા લખવા ધારીએ છીએ કે જેમાં માત્ર અમારા બે વચ્ચેના જ જીવનપ્રસંગોનું પ્રેરક પાથેય હોય. આવો, આપણે એ જીવનપ્રસંગો સાથે મળીને 'શેર' કરીએ :

(૧) અમે એમના સર્વપ્રથમ દર્શન કર્યાં ઈ.સ. ૧૯૭૪માં લગભગ સાડા છ વર્ષની બાળવયે મુંબઈ-વાલકેશ્વરમાં. તેઓ સંસારપક્ષે અમારા સગા મામા થતા હોવાથી અમારા સાંસારિક માતાએ દીક્ષા એમની પાસે જ લેવાના મજબૂત સંસ્કાર અમારામાં રોપ્યા હતા. અત્યંત ધાર્મિક ગામ અને અત્યંત ધાર્મિક પરિવાર હોવાથી 'દીક્ષા જ લેવી' આ ભાવો તો ચાર-સાડા ચાર વર્ષની વયથી વ્યક્ત થતા જ હતા. એથી ગુરુદેવનાં દર્શનની તાલાવેલી એ નાની વયથી જ તીવ્ર હતી.

વાલકેશ્વરમાં એમનાં પ્રથમ દર્શન થયા ત્યારથી જ અમે એમનાં બાહ્ય વ્યક્તિત્વની આભાથી અંજાઈ ગયા. મનમાં થયું કે આ ગુરુ આપણા માટે એકદમ બરાબર છે. સાડા છ વર્ષની બાળવયે મનમાં સર્વપ્રથમ પ્રત્યક્ષ અંકિત થયેલ એ છાપ આજની ક્ષણ સુધી સતત દૃઢ થતી ગઈ છે. ક્યારેય એવો આછો ય વિચાર નથી આવ્યો કે ગુરુની પસંદગીમાં ક્ષતિ થઈ છે. ઉપરથી એવો વિચાર અનેકાનેક વાર આવ્યો છે કે આવા ગુરુ તો મળવા મુશ્કેલ છે, બહુ પુણ્યોદય હોય તો જ મળે...

(૨) વાલકેશ્વરના એ પ્રથમ પરિચયના દિવસોમાં, ગુરુદેવના પરમ ભક્તિકેન્દ્ર ધર્મસૂરીશ્વરજી સાથે અમારું જોડાણ ખૂબ વધી ગયું હતું. એ બાળવયમાં ય, દેવ-ગુરુકૃપાથી નવસ્મરણાદિ સર્વ સૂત્રોની ગાથાઓ માત્ર એનો ગાથાંક કહેવાથી જ બોલવાની સારી ફાવટ હતી. આનાથી બેહદ ખુશ ધર્મસૂરીશ્વરજીદાદા દરેક અગ્રણી શ્રાવકો સમક્ષ અમને ગાથાંક પરથી ગાથાઓ બોલાવીને અનુમોદના કરાવે. એ લગાવથી અમે ઘણીવાર બોલતા કે ''હવે મારા બે ગુરુ : ધર્મસૂરીશ્વરજીદાદા અને સૂર્યોદયવિજયજી મ.'' ગુરુદેવ તરફથી ત્યારે ક્યારેય પરોક્ષ પણ ઈશારો ન મળ્યો કે આમ ન બોલવું.

એ પછી ઈ.સ. ૧૯૭૮માં પાલિતાણામાં અમારી દીક્ષા નક્કી થઈ ત્યારે, ત્યારના પ્રસિદ્ધ જૈન માસિક 'સુઘોષા'માં એના તંત્રી સોમચંદ ડી. શાહે અમારો બે પેજનો 'ઈન્ટરવ્યૂ'-મુલાકાત પ્રગટ કરી. એ માટે તેઓ ગુરુદેવ પાસે ફોટાની માંગણી કરવા આવ્યા. ગુરુદેવે ત્યારે એમનો અને અમારો સંયુક્ત ફોટો ન આપતાં ધર્મસૂરીશ્વરદાદાનો અને અમારો સંયુક્ત ફોટો આપ્યો. અમને ત્યારે આશ્ચર્ય થયેલ કે 'હું શિષ્ય તો એમનો જ થવાનો છું. તો ફોટો ધર્મસૂરીશ્વરદાદા સાથેનો કેમ આપ્યો?' આજે સમજાય છે કે તે એમની પરમગુરુદેવ પ્રત્યેની હાર્દિક ભક્તિભરી ઉદારતા હતી. આ ઉદારતાએ જ અમારામાં ધર્મસૂરીશ્વરદાદાની ભક્તિના કાયમી સંસ્કારો પ્રગટાવ્યા. આજે અમે જ નહિ, અમારા સર્વ શિષ્યો-પ્રશિષ્યો દરેક બાબતે ધર્મસૂરીશ્વરદાદાને અગ્રેસર રાખે છે એનાં મૂળમાં ગુરુદેવની આ ભક્તિભરી ઉદારતા છે. એમનો આ ઉત્તમ અભિગમ એ સંદેશ આપે છે કે ગુરુપરંપરા પ્રત્યેનો ભક્તિભર્યો આદર જ શિષ્યોનાં જીવનની સાચી મૂડી છે.

(૩) ઈ.સ.૧૯૮૦. અમારી દીક્ષાને લગભગ દોઢેક વર્ષ થયું હતું. મુંબઈમાં પ્રવેશ કર્યો તે પછી દાદર જૈન સંઘમાં એક દિવસ અમને તાવ આવ્યો. તાવમાં છોડી છૂટછાટ મળે એમ સમજીને અમે ઈરિયાવહીની ક્રિયા બેઠા બેઠા શરૂ કરી. ગુરુદેવની નજર પડી અને એ તરત બોલ્યા : ''તબિયત એવી ખરાબ નથી કે ક્રિયા બેસીને કરવી પડે. નાની વય છે, તો પહેલેથી બધી જ ક્રિયા ઊભા ઊભા જ કરવાની આદત રાખ.'' ત્યારથી તમામ ક્રિયા ઊભા ઊભા જ કરવાના સંસ્કાર એવા થઈ ગયા કે આજે ય સાંજનું જ નહિ, સવારનું પ્રતિક્રમણ પણ સંપૂર્ણપણે અપ્રમાદપૂર્વક ઊભા ઊભા જ કરવાની પદ્ધતિ અમલમાં છે. સંસ્કરણક્ષેત્રે ગુરુદેવ કેવા જાગરૂક હતા એ આ ઘટનામાં પ્રતીત થાય છે...

(૪) સામાન્યતઃ પિતા કડકાઈનું પ્રતીક ગણાય છે અને માતા મમતાનું પ્રતીક ગણાય છે. દીક્ષાના પ્રારંભિક



દશેક વર્ષ ગુરુદેવ અમને મુખ્યત્વે પિતા જેવા કડક લાગ્યા હતા અને પછીના વર્ષોમાં એ કાયમ માતા જેવા મમતાળુ લાગ્યા છે. અલબત્ત, પ્રારંભિક દશ વર્ષમાં ય એમણે એક પણ વાર હાથ ઉપાડવા જેવી કડકાઈ કરી ન હતી. પરંતુ કુદરતી જ એમનાં વ્યક્તિત્વથી આભાનો પ્રતાપ એવો અનુભવાતો કે એમની ઈચ્છાવિરુદ્ધ વર્તવાની હિંમત જ ન થઈ શકે. એનાં

## અમૃતની અંજલિ

-આચાર્ય વિજયરાજરત્નસૂરિ

જ કારણે બાલમુનિરૂપે સાત-આઠ વર્ષોમાં રમતગમતનું કોઈ દૂષણ અમારામાં પાંગર્યું ન હતું. ક્યારેક આજે અન્યત્ર લાડકોડજન્ય આવાં દૂષણ જોવામાં આવે ત્યારે તરત ગુરુદેવ યાદ આવે કે એમણે ખોટા લાડ લડાવ્યા વિના કેવી હિતસ્વી કાળજી રાખી હતી...

(૫) ઈ.સ. ૧૯૮૩. ધર્મસૂરીશ્વરજી દાદાના કાળધર્મ બાદનું ગુરુદેવનું એ પ્રથમ ચાતુર્માસ. ત્યારે એમના શિષ્યરૂપે અમે માત્ર એક જ, અને અમારા બે વચ્ચે વયનું મોટું અંતર. એથી પ્રારંભના પાંચ-સાત દિવસ એકલતા લાગવા માંડી. ગભરાતાં એક સાંજે અમે એમને કહ્યું : ''સાહેબજી! કોઈ નાના સાધુ સાથે નથી. સમય પસાર કેવી રીતે થાય? મને એકલું લાગે છે.'' એમણે ગુસ્સે થવાના બદલે તરત દશ મિનિટ જબરજસ્ત હિતશિક્ષા આપીને ત્રણ મુદ્દા વિસ્તારથી સમજાવ્યા : ''(૧) જેને અધ્યયનમાં રસ હોય એને કદી એકલું ન લાગે. (૨) અભ્યાસનાં આ વર્ષોમાં દોસ્તી શોધીશ તો ગપ્પાં-ટોળટપ્પામાં પડી જઈને સમય વેડફતો થઈ જઈશ. (૩) મા-બાપે તને નાની વયે દીક્ષા એટલે અપાવી છે કે તું સરસ આરાધના કરે, ભણી-ગણીને તૈયાર થાય અને શાસનની સેવા કરે. આના માટે અત્યારનાં વર્ષોમાં એકલતા તો બહુ સારી.'' બસ, સાંધાણી એસ્ટેટ ચાતુર્માસ પ્રારંભે કહેવાયેલ આ શબ્દો હૈયે એવા જડબેસલાક જામી ગયા કે એ પછી ક્યારેય એકલતાની ફરિયાદ તો નહિ, એકલતાની લાગણી પણ હૈયે પ્રગટી નથી. એ વર્ષથી જ અમારામાં સમયબદ્ધ રીતે અભ્યાસ અને કાર્યો કરવાની ચીવટ પાંગરી. પછી તો એવું બનવા માંડ્યું કે અભ્યાસ-વાંચન-લેખન માટે એકાંત જ પસંદગી વિષય બની ગયો...

(૬) એમનો એક સૌથી મોટો ઉપકાર હતો અધ્યાપનનો. એમણે સ્વ-પર સમુદાયના ઘણા સાધુ-સાધ્વીજીને ભણાવ્યા હતા. પરંતુ સૌથી વિશેષ અભ્યાસ કરાવ્યો હોય તો અમને. અમારા બાર વર્ષના અભ્યાસકાળમાં એક પણ પંડિત રાખ્યા વિના તેઓએ જ અમને અભ્યાસ કરાવ્યો. પ્રકરણો-કર્મગ્રન્થોની સ્વોપજ્ઞ ટીકાઓ-તત્ત્વાર્થ/સિદ્ધસેનીય ટીકા-બૃહત્સંગ્રહણી/ક્ષેત્રસમાસાદિના અર્થો-લઘુપ્રક્રિયા-સિદ્ધહેમવ્યાકરણ-ન્યાયસંગ્રહ વગેરે તેમજ દ્વયાશ્રય-હીરસૌભાગ્યદિવાંચન : બધું જ અધ્યયન ગુરુદેવે કરાવ્યું. ઘણીવાર એક જ બેઠકમાં ત્રણ-ચાર કલાક પાઠ ચાલે, પણ ગુરુદેવ જરાય થાકે કે કંટાળે નહિ. પાછલી વયે તેઓ ઘણીવાર અન્યોને કહેતા : ''રાજાને તમામ અભ્યાસ મેં જાતે કરાવ્યો છે.'' એમનો આ ભોગ ગુરુની શિષ્ય પ્રત્યેની જવાબદારીનો દ્યોતક છે. એમના આ ઉપકારનું ઋણ અમે કદાપિ ચૂકવી શકવાના નથી...

(૭) અમારી તેર-ચૌદ વર્ષની પાંગરતી વયે ય ગુરુદેવની દેખરેખ-શિસ્તનો આગ્રહ-વાતોથી દૂર રાખવાની વૃત્તિ-અભ્યાસમાં જ રાખવાની તત્પરતા એવી હતી કે બે-ત્રણ દિવસ સાથે રહેનાર સમજદાર વ્યક્તિ એ તરત પરખી શકે. ઈ.સ. ૧૯૮૩માં આચાર્ય યશોભદ્રસૂરીશ્વરજી ડહેલાવાળા (ત્યારે પંન્યાસ) વાલકેશ્વર - સુપાર્શ્વનાથસંઘમાં ચાતુર્માસ હતા. એમણે એ સંઘમાં વસતા ધર્મસૂરીશ્વરજીદાદાના ભત્રીજાના પરિવારને કહ્યું : ''સૂર્યોદયમહારાજ બાળસાધુનું એટલું ધ્યાન રાખે છે - ભણાવે છે કે એ બાળ સાધુ ચોક્કસ આગળ વધશે.''

એ જ વર્ષે એ શબ્દો તે પરિવારજનો દ્વારા સાંભળ્યા ત્યારે એવું મહેસૂસ થયું કે 'મા કરતાં ય આ ગુરુમાં વધુ વધુ ઉપકારી-હિતકારી છે...'

(૮) લેખનક્ષેત્રમાં અમારો નિયમિત સ્વરૂપે પ્રવેશ થયો. ઈ.સ. ૧૯૯૦થી. પરંતુ પ્રાસંગિક લેખનરૂપે શરૂઆત થઈ ઈ.સ. ૧૯૮૮થી. એ વર્ષે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યની નવમ જન્મ શતાબ્દી હતી. એથી ગુરુવેદની અનુજ્ઞા લઈને પહેલો લેખ હેમચન્દ્રાચાર્ય વિશે લખ્યો. આધુનિક લેખકોની અસર નીચે અમે એ લેખનું શીર્ષક કર્યું કે 'આચાર્ય હેમચન્દ્ર:વિરલ વ્યક્તિત્વ અને શ્રેષ્ઠ સર્જન.' તરત જ ગુરુદેવે ટકોર કરી કે ''પૂર્વાચાર્યભગવંતો માટે આપણાથી આવો આદરવિહોણો શબ્દપ્રયોગ ન કરાય. 'આચાર્ય હેમચન્દ્ર'ના બદલે 'કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય' લખવું આપણને શોભે.'' ત્યારથી લેખનમાં એ દૃષ્ટિ આવી ગઈ કે પૂજનીય વ્યક્તિત્વો માટે આદરસૂચક શબ્દપ્રયોગ કરવા. અખબારી લેખોમાં અમૂક મર્યાદાઓ નડે, તોય બનતી શક્યતાએ આ દૃષ્ટિ જાળવવાની કોશિશ થાય છે. પ્રારંભિક ચાર-પાંચ વર્ષ અમારા તમામ લેખોના પ્રથમ વાચક ગુરુદેવ રહેતા. લેખ વાંચીને એમાંની ક્ષતિઓ દૂર કરાવે. પછી એ મુદ્રણમાં જાય. ચાર-પાંચ વર્ષે એમને ખાતરી આવી ગયા બાદ અમને છૂટો દોર આપી દીધો. ગુરુદેવની આ કાળજી માટે યાદ આવે આ પંક્તિ :-

ગુરુ કુંભાર શિષ્ય ઘટ હૈ, ઘડી ઘડી કાઢે ખોડ;<br>
ભીતર હાથ સંવાર દે, બાહિર મારે ચોટ

(૯) અને... હવે યાદ કરીએ નવના સિદ્ધ અંકના ક્રમે 'ગુજરાત સમાચાર'ને. ઈ.સ. ૧૯૯૨નું અમારું ચાતુર્માસ હતું અમદાવાદ-ખાનપુર જૈન સંઘમાં. ગુજરાત સમાચાર પ્રેસ ત્યાંથી ખૂબ નજીક. મનમાં અરમાન હતા કે ગુજરાત સમાચારમાં પર્યુષણાલેખમાળા લખવી. પ્રથમ પ્રયાસ શ્રાવકો દ્વારા કર્યો, પણ પરિણામ ન મળ્યું. અમે નિરુપાયે વાત જતી કરવાનાં હતા. ત્યાં ગુરુદેવે પોતે પ્રયત્ન કર્યો. ધર્મભાવનાશીલ શ્રેયાંસભાઈ - સ્મૃતિબેન મળ્યા અને પરિણામ એ આવ્યું કે માત્ર એ વર્ષ પૂરતી નહિ, પ્રતિવર્ષ માટે પર્યુષણાલેખમાળા શરૂ થઈ ગઈ. સળંગ ત્રેવીશ વર્ષ પર્યુષણા લેખમાળાને અને સળંગ બાવીશ વર્ષ આ 'અમૃતની અંજલિ' વિભાગને થયા!! લાખો લોકોને આનાથી જે લાભ થયા છે એ ઉપકારના મૂળમાં છે ગુરુદેવ.

શેષ વાતો હવે અંતિમ લેખ પર રાખીને હૃદયની શ્રદ્ધાંજલિ અર્પતા એ જ કહીશું ગુરુદેવને કે:-

આપનાં પગલાં હૃદયનાં દ્વાર પર જ્યારથી થયા,<br>
સેંકડો દીવાઓ જાણે ત્યારથી પ્રગટી ગયા...

ગુજરાત સમાચાર

06-07-2015, સોમવાર 3

ધર્મલોક & મગજ મિજાજ

# આપકો પાકર સોચતા થા, મૈંને ક્યા ક્યા નહિ પાયા ?
# આપકો ખોકર સોચતા હૂં, મૈંને ક્યા ક્યા નહિ ખોયા ?



અમૃતની અંજલિ

-આચાર્ય વિજયરાજરત્નસૂરિ

અનુસંધાન પાન નં. ૩ નું ચાલુ

## અમૃતની અંજલિ

છે. મારી ગેરહાજરી પછી ય કોઈ ફર્ક નહિ પડે.'' ઉપાશ્રયેથી વિહાર શરૂ કર્યા બાદ સહવર્તી શિષ્યોને અમે કહ્યું : ''આજે ચોક્કસ ગુરુદેવનો પત્ર આવશે.'' અને... સામા ગામે પહોંચ્યાના એક કલાકમાં જ ગુરુદેવનો પત્ર આવ્યો. એમાં ગુરુદેવે એક વાક્ય લખ્યું હતું કે, ''તારા વિના અહીં સૂનું થઈ ગયું છે...''

(૧૮) ઉપરોક્ત ઘટનાના સંદર્ભમાં, ગુરુદેવના કાલધર્મ બાદની પાંચ હજાર ભાવિકોની વિરાટ ગુણાનુવાદ સભામાં અશ્રુઝરતી આંખે અમે કહેલ શબ્દો, આ લેખના સમાપનમાં ટાંકીશું કે, ''સત્તર દિવસની વિદાય વેળાએ આપે મને ખોટ પડશે, સૂનું લાગે છે

- જેવા શબ્દો કહ્યા હતા. આજે આપ અમને સત્તર દિવસ નહિ, સત્તર માસ, સત્તર વર્ષ અને એથી ય વધુ આજીવન વિખૂટા મૂકી ગયા છો.

તો શું અમને આપની ખોટ નહિ સાલે અને અમારાં જીવન સૂના નહિ થઈ જાય ?''

એટલે જ અમે આર્દ્ર ભાવે આરઝૂ રજુ કરીએ છીએ કે :-

આવો પધારો આપ ગુરુવર ! મૂકીને રીસામણાં

એકવાર તો આવી જુઓ હૈયે ઘણી છે વેદના;

એ વેદનાનું છે શમન બસ આપનું પુનરાગમન

સૂરીશ સૂર્યોદય ગુરુવર ! આપ છો તારણતરણ



સાઈન શો

ભાયંદર રત્નાકર જિનાલય શ્રી શંખેશ્વર શણગાર શ્વે.મૂ. જૈન સંઘનાં પુણ્યાંગણે...

ભાયંદર રત્નાકર જિનાલય શ્રી શંખેશ્વર શણગાર શ્વે.મૂ. જૈન સંઘનાં પુણ્યાંગણે... પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યનિશ્રામાં ઉજવાતો ઐતિહાસિક અંજન-પ્રતિષ્ઠા-પદપ્રદાન-વડીદીક્ષા મહોત્સવ

● નયનરમ્ય વિરાટ મંડપોમાં જાનદાર કલ્યાણક ઉજવણી ● પ્રતિદિન ત્રણેય ટંક સંઘ સાધર્મિક વાત્સલ્યો ● પૂ. યુવા પ્રવકતા મુનિ શ્રી રશ્મિરત્નવિજયજી મ.ને ગણિપદ પ્રદાન ● બે નૂતન મુનિવરો કૃપારત્ન-અર્હરત્નવિજયજી મ.ને વડીદીક્ષા પ્રદાન



સાઈન શો

ચેમ્બુરતીર્થે પૂજ્યપાદ દર્ભાવતી તીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ૨૭મા આચાર્યપદારોહણનો ભવ્યાતિભવ્ય ગુરુભક્તિ મહોત્સવ ઊજવાયો

• વિરાટ ગુણાનુવાદ સભામાં અઢાર જૈન સંઘોની ઉપસ્થિતિ • ચાર સ્પેશિયલ બસોનું આગમન • પૂજ્યશ્રીના સાત શિષ્યો દ્વારા ગુજરાતી-હિંદી-સંસ્કૃત-ઇંગ્લિશ ભાષાના મંત્રમુગ્ધ કરતાં પ્રવચનો • પ્રતિષ્ઠાદિની જય



પૂજ્યશ્રીનાં અંતિમ ધર્મકાર્ય : 'ધર્મ' આરાધનાભવન ઉદ્‌ઘાટનનાં દૃશ્યો

સાઈન શો

ભાયંદર-બાવન જિનાલયતીર્થે... પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યનિશ્રામાં ત્રિમજલી આલીશાન 'ધર્મ' આરાધનાભવનનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો



સાઈન શો

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યનિશ્રામાં ભાયખલા-મોતીશા-આદીશ્વરતીર્થે યોજાયો

શત્રુંજય તળેટીનો શાનદાર પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી શત્રુંજય તળેટી



સાઈન શો

પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ચેમ્બુર તીર્થે યાદગાર સ્વરૂપે ઊજવાયો ઐતિહાસિક સુવર્ણ પ્રતિષ્ઠા મહામહોત્સવ

● રોજરોજ થતી માતબર ઉછામણી આઠના આંકને આંબી ગઈ ● સુવર્ણ ધ્વજારોપણ લાભાર્થીનું કાયમી નામાંકન ● સમૂહ વર્ષીતપ કાયમી સ્મૃતિ ● ઐતિહાસિક રથયાત્રાદીનું 'અરિહંત' ચેનલ પર જીવંત પ્રસારણ ● પ્રતિ નવા માસના નવકાર જાપમાં કાયમી સાધર્મિકભક્તિનો પ્રારંભ


સાઈન શો
SIGN SHOW
શ્રી ધર્મધામ- નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થે, પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક
આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ઐતિહાસિક અંજનશલાકા
પ્રતિષ્ઠા - વડી દીક્ષા - પાંચસો આયંબિલ સમાપન - ઉપધાનમાળ મહોત્સવ ઉજવાયો


શાનદાર સ્વરૂપે ઉજવાયો અંજનશલાકા-પ્રતિષ્ઠા-મણિપદ્મારોપણ-વડીદીક્ષા મહોત્સવ


સાઈન શો
SIGN SHOW
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની ધર્મપરંપરાના યશસ્વી સંવાહક
પરમશાસનપ્રભાવક પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ ગુરુદેવ
આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજાની
ચિરવિદાય : પૂજ્યશ્રીની વિક્રમી અંતિમયાત્રાએ સર્જ્યો
અભૂતપૂર્વ સ્વર્ણિમ ઈતિહાસ
વહાલા ગુરુની વસમી વિદાય


સમસ્ત શ્રીસંઘોના પરમ ઉપકારી પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક ગુરુદેવ
આ. ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન


ભાયંદર-બાવનજિનાલય તીર્થે વિરાટ ગુણાનુવાદ સભા યોજાઈ

૮૪ વર્ષીય પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સો.ની વિદાયથી જિનશાસને તેજસ્વી સિતારો ગુમાવ્યો

# જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. ની ૨૯ કિ. મી.ની પગપાળા પાલખીયાત્રા : ભાયંદરમાં માનવસાગર ઉમટ્યો



શ્રી ... ઢણપાર્શ્વનાથાય નમઃ ✡ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ✡ શ્રી નાગેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સૂર્યોદયં સૂરિવરં પ્રણૌમિ



# ભાયંદર-બાવન જિનાલય તીર્થે સમસ્ત મુંબઈના જૈન સંઘોના ઉપક્રમે પ્રૌઢપ્રભાવશાળી પૂ.આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની વિરાટ ગુણાનુવાદ સભા : આત્મીય આમન્ત્રણ

